કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

## માસિક

પ્રકાશન દરમાસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૭૦ ● સપ્ટેમ્બર-૨૦૨૧







પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧



કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સેવા કરતા આ હરિભક્તોની તસવીર કેમેરામાં કેદ કરવા ખુદ આચાર્ય મહારાજશ્રી પ્રેરાયા.... કારણ કે કાલુપુર મંદિરની ગલ્લાપેટીમાં આવતા નાણાંને દર બારસના દિવસે ગણતરી કરી વ્યવસ્થિત કરી કોઠારમાં જમા કરાવવાની સેવા આ મંડળ દ્વારા વર્ષોથી કરવામાં આવે છે. તેમને સ્વયંભૂ રચેલા આ મંડળમાં દરેક સભ્યની વરણી પણ તેઓ સ્વયં કરે છે અને તેઓ તમામ ગલ્લાપેટીની ચાવીઓ ગલ્લાપેટી સમિતિ પોતાની પાસે રાખે છે. તથા આ સેવાના બદલામાં મંદિર પાસેથી ક્યારેય પણ ભોજન - પ્રસાદ સહિતની કોઈ પણ અપેક્ષા પણ રાખતા નથી. ધન્ય છે આવા શૂરવીર હરિભક્તોને .



નારણપુરા મંદિરમાં પર્વના ઉપલક્ષમાં આયોજીત જ્ઞાનસત્ર




**સંસ્થાપક**

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

**તંત્રી શ્રી**

શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

**એડ્રેસમાં ફેરફાર કરવા**

E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર





વર્ષ - ૧૫ (મૂળ વર્ષ ૫૫) ● અંક : ૧૭૦ ● સપ્ટેમ્બર-૨૦૨૧


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | શિવ મંદિરમાં કાચબો | ૦૬ |
| ૦૪. | પર્વ ની સાથે સાથે | ૦૮ |
| ૦૫. | રાજપુર | ૦૯ |
| ૦૬. | શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી અમૃત વચનો | ૧૧ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૪ |
| ૦૮. | ભક્તિસુધા | ૧૬ |
| ૦૯. | સત્સંગ સમાચાર | ૧૮ |

# અસ્મદીયમ્

મનુષ્ય માત્રને મોક્ષની કામના હોય છે. મોક્ષ એટલે સર્વ પ્રકારના ભયથી છુટકારો અત્યન્ત નિર્ભયપણે જ્યાં રહી શકાય તે ધામ છે કે જ્યાં ભૂખ તરસ રાત્રિ કે અંધકારનો લેશ માત્ર પણ ભય નથી. કારણ કે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે મારૂં ધામ કેવું જ્યાં न तद्भसयते सूर्यो न शशांको यद्गत्वा न निवर्तंते तद्धाम परम मम ।। આ ગીતાના વચન પ્રમાણે ભગવાનના ધામમાં સૂર્ય કે ચન્દ્ર નથી તો રાત્રી પણ નથી સમય એટલે કે કાળ નથી તેથી કોઈ પણ પ્રકારનું પરિવર્તન પણ થતું નથી. પરંતુ તેનાથી વિપરીત સંસાર પરિવર્તન શીલ છે. જેમ જેમ સમજાય છે, તેમ બધું જ બદલાય જાય છે. પ્રકૃતિ બદલાય જાય છે. લીલું હોય ત્યાં સુકું થઈ જાય છે. સૂકું ભંઠ હોય ત્યાં વર્ષાઋતુના આગમન સાથે સર્વત્ર લીલોતરી છવાય જાય છે. સ્વભાવ વર્તન અને વિચારો બદલાય છે. માણસો બદલાય જાય છે. બાળક હોય તે યુવાન અને યુવાન હોય તે વૃધ્ધ થઈ જાય છે. આવા પરિવર્તનશીલ સંસારમાં જે સ્ફૂર્તિથી સંલગ્ન થઈ જાય છે તેને ખૂબ સારી સફળતા મળે છે. અને તેમાં વિલંબ કરે કે આળસ કરે તેના હાથમાં નિરાશા સિવાય બીજું કંઈ મળતું નથી. તેથી સનત્કુમારો કહે છે. प्रमाद एव मृत्यु अप्रमाद एव मोक्ष ।। આળસ દીર્ઘ સૂત્રતા એજ જીવના માથે મૃત્યુ છે. અને આળસ છોડીને તત્કાળ કાર્યમાં લાગી જવું એજ મોક્ષ છે. અતિ ચંચળતાના સ્વભાવ સાથે ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય આ ઋતુમાં જ છે. તે પણ સૂચવે છે કે આળસ છોડો અને સ્વકાર્યમાં પુરા સામર્થ્ય સાથે લાગી જાવ તો તમારો સર્વત્ર વિજય જ છે. અન્યથા પોતાના મનના ગાણા ગાતા રોવાનો જ વારો આવે છે.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (ઓગસ્ટ-૨૦૨૧)

૩ (અષાઢ વદ-૧૦) પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૨૪ મો પ્રાકટ્યોત્સવ પોતાના શુભ સાનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે ઉજવાયો.

૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ગોમતીપુર અમદાવાદ શ્રી ગણપતિદેવની પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૮ શ્રી નરનારાયણદેવના ૨૦૦ માં ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં નારણપુરા મંદિર દ્વારા આયોજીત શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન પ્રસંગે કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર સભામાં ધૂનમાં પધાર્યા.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

### (જુલાઈ-૨૦૨૧)

૩૧. લુણાવાડા (પંચમહાલ) ગામે પધરામણી.

### (ઓગસ્ટ-૨૦૨૧)

૩. શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં સંત-હરિભક્તોએ ૨૪મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવ્યો.
રીલીફ રોડથી કાલુપુર મંદિર તરફ આવતા અમદાવાદ મ્યુનિસિપાલિટી દ્વારા તૈયાર કરાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રવેશ દ્વારનું ઉદ્ઘાટન વિધિવત રીતે પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.

૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર પર્વ મહોત્સવના ઉપલક્ષમાં આયોજીત ૨૦૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન પ્રસંગે પધરામણી.

૧૪. જેતલપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં નારણપુરા મંદિર દ્વારા પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં આયોજીત શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન પ્રસંગે પધાર્યા.

૩૦. શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા કથા-પારાયણ પ્રસંગે પધરામણી.

# શિવ મંદિરમાં કાચબો

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)





ભગવાન સદાશિવ ભોળાનાથ મહાદેવ ના પ્રાયઃ શિવ પરિવારમાં દૂર્ગા-પાર્વતી-ગંગાજી કાર્તિકેય, સેવકમાં નંદીજી-કાચબો-ભૈરવ વિગેરે સેવક ગણની સાથે ભગવાન પૂજાય છે. તે પરિવારના સ્વરૂપમાં બધાને જાણવાની જીજ્ઞાસા હોય પરંતુ કાચબા અંગે ખાસ જાણવાની જીજ્ઞાસા જોવા મળે છે. શિવ મંદિરમાં કાચબો કેમ ? તેવા પ્રશ્નો મુમુક્ષુઓ-જીજ્ઞાસુઓ ખાસ પૂછતા હોય છે. મંદિરની બહાર નંદીજીની આગળ કછુઆના દર્શન અવશય થાય. નંદીજી તો શિવજીનું વાહન છે એટલે સહજ સમજાય જાય પણ કાચબો કેમ ? શા માટે સ્થાપના કરવામાં આવે છે? તેનું રહસ્ય જાણવા જેવું છે.

આપણી સનાતન વૈદિક પરંપરાના મંદિરોની સ્થાપના કોઈને કોઈ કથા પ્રસંગ તથા વૈદિકપૌરાણિક-આધ્યાત્મિક સિધ્ધાંતો આધારિત હોય છે. તેમાં કેટલાક સંજોગોમાં લોકોએ દંતકથાઓ પણ જોડી દીધી હોય છે.

વાત કરીએ નંદીજી અને કચ્છપની, આ બન્ને ની દૃષ્ટિ શિવલિંગ ઉપર રાખેલી જોવા મળે છે. નંદીજીની આગળ કચ્છપજી હોય. હવે તાત્વિક-આધ્યાત્મિક નજર કરીએ તો નંદીજી એ ધર્મ નું સ્થુળ શરીર વાળું પ્રતિક છે. અને કચ્છપ ચાર ચરણવાળા સૂક્ષ્મ શરીર મન,બુધ્ધિ ચિત્ત, અહંકારનું પ્રતિક છે. નંદીજી એ સામાન્ય બેલ નથી પરંતુ સ્વયં શિવના અગિયારમાં અવતારમાનાં નંદીજી શિવ અવતાર છે. અને કૂર્માવતાર સમુદ્ર મંથનના સમયે મંદરાચલ પર્વતને પીઠ ઉપર ધારણ કરનાર ભગવાન નારાયણનો અવતાર છે, જે ચોવીસ અવતારમાં માનવામાં આવે છે. વિશિષ્ટાદ્વૈત સિધ્ધાંત અનુસાર પરમાત્મા આત્મામાં રહ્યા છે. પરબ્રહ્મ શરીરી અને આત્મા શરીર એટલે નંદીજી આત્મા - શિવ પરમાત્મા, સ્થળ-સૂક્ષ્મ બંને શરીર એટલે નંદી-કચ્છપ બંનેની દૃષ્ટિ પરમાત્માની સામે, પરમાત્મામા લક્ષ, પરમાત્મા કેન્દ્ર માં, પરમાત્મા ની તરફ ગતિ કરવી તે કર્તવ્ય એટલે કચ્છપજી ધીરે ધીરે શિવજી તરફ આગળ વધતા રહે છે. તો નંદીજી બેસીને ખુલ્લી આંખે શિવજીનું ધ્યાન કરે છે.ભગવાન ધ્યાનસ્થ હોય ત્યારે ભક્તોની મનોકામના પૂર્ણ કરવાની જવાબદારી નંદીજીની હોય એટલે ભક્તો પોતાના સંકલ્પના શબ્દોને નંદીજીના કાનમાં કહીને શિવજીના દર્શન કરે છે. નંદીને વૃષભ કહેવાય. વૃષભ તેજ સાક્ષાત્ ધર્મ. તેમના ચાર ચરણ હોય. વેદમાં ધર્મને પૃથ્વીના ધારક-પોષક કહ્યા છે. વળી જગતમાં સત્વગુણનું પાલન-પોષણ-સંવર્ધન-ધારણ કરનાર ધર્મદેવ છે. તેઓ આદિ અનાદિ કાળથી છે. આપણા મન-અન્તઃકરણ કછુઆના જેવું દૃઢ, મજબુત, ધીરજ-ધર્મ, સંકોચ-વિકાસ અવસ્થાની સ્થિતિવાળું હોવું જોઈએ. કછુઆનું કોઈ પોતાનું ઘર નથી હોતું પોતાની પીઠ એજ ઘર. ઘરને સાથે રાખીને ચાલે. જ્યાં

રહેવું હોય ત્યાં રહી શકે - ન રહેવું હોય તો ચાલી નીકળે પાછળ કાંઇ કોઇની તૃષ્ણા ચિંતા નહી. ક્યાંય મોહ-મમતા-માયા નહીં. જ્યાં રહેવાનું થયું ત્યાં રહ્યા, છોડવાનું થયું તો પાછું વળીને જોયું નહી. સમય પ્રતિકુળ હોય તો ચાર ચરણ પોતાનામાં લીન કરીને પરમાત્માની સામી દૃષ્ટિ કરીને દિવ્ય અનુભુતિ કરે. માથા ઉપર ગમે તેવો ભારે વજનના પ્રહાર થાય નગારા વાગે પણ તેને કોઈ અસર-દુઃખ ન થાય.

કુર્મ-નંદીજી ને મંદિરમાં પધરાવવાનું બીજું કારણ એ છે કે, શિવલિંગમાંથી અધિક માત્રામાં ઉર્જા-શક્તિ-ઐશ્વર્યના તરંગો સતત પ્રગટ થયા કરે છે તે શક્તિને સાધારણ વ્યક્તિમાં સહન કરવાની ક્ષમતા હોતી નથી તેથી તે ઐશ્વર્ય પૂજા કરવાવાળા પૂજારી ઉપર વિપરીત પરિણામ પાડે છે. તે શિવ શક્તિ કૂર્મ અને નંદીજીનો સ્પર્શ કરતા માણસ ઉપર સારો પ્રભાવ પાડે છે અને તે પવિત્ર બનીને તેનો દેહ ઉર્જાવાન બને છે. એટલા માટે કયારેય કૂર્મ અને શિવલિંગ ની વચમાં ઉભા રહીને દર્શન કરવા નહી તથા પૂજન કરવું નહીં.

ભગવાનના દર્શન કરતા પહેલા નંદી-કૂર્મને વંદન કરવાથી દેહમાં ધર્મતત્વ બળવાન બને છે અને કૂર્મને વંદન કરવાથી મનને શાંતિ-શિતળતા અને બુધ્ધિ પવિત્ર બને છે. ધર્મ અને મન પવિત્ર હોય તોજ પરમાત્માના દર્શન કરવાનું સુખ આવે છે. નંદીજી આપણા શરીરને પરોપકાર સંયમ-સત્યનીતિ આદિમાં પ્રેરિત કરે છે. કૂર્મજી મનને શુધ્ધ પવિત્ર કરીને મનને કવચ જેવું મજબુત-દઢ સંકલ્પ બનાવનાર છે. નંદીજી વિશેષતઃ પુરુષાર્થના દ્યોતક છે. તેની દૃષ્ટિ શિવની તરફ હોય છે. નંદી શિવના વાહન છે તેમ આપણે આત્મા રૂપ પરમાત્માના વાહન છીએ. કૂર્મજી કવચની જેમ આપણા મનને કર્મથી દૂર નહી રાખવું પણ પવિત્ર કાર્ય પરમાત્મા સંબંધી કાર્યમાં વિકસિત કરીને બહિર્મુખ બનવું અને પાપ કે સ્વાર્થ કે અધર્મ ના કામો માં અન્તર્મુખી બનીને તેનાથી પર રહેવું વૃત્તિઓને સંકેલી લેવી એવું શીખવે છે.

નંદીજી અને કૂર્મજી બન્ને પ્રતિકાત્મક રૂપે આધ્યાત્મિક પ્રેરણા આપે છે. મંદિરોમાં માત્ર દર્શન હેતુ નહિ પણ જીવનની પ્રેરણા-પ્રેરક-પ્રતિક નો વિચાર આપે છે.

આપણા જીવન સાથે જોડાયેલ અનેક વાતો કોઇને કોઇ પ્રેરણા આપી જાય છે.

## ખેડૂત ભાઈઓને જાણવા જોગ પ્રગતિશીલ ખેડૂતની સફળ વાર્તા

પટેલ નટવરભાઈ ધનજીભાઈ (ગામ માંડલોપ, તા. ચાણસ્મા, જી. પાટણ - મો. નં. ૯૯૦૯૫૦૮૫૬૭)

શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન જેઓ એક નાના સત્સંગી ખેડૂત છે. મેટ્રિક પાસ છે. તેઓની પાસે ફક્ત ૭ વીઘા જમીન છે. છતાં ખેતીની પ્રગતિ દ્વારા ૭ જેટલા વિવિધ એવોર્ડ મેળવેલા છે. જેઓએ દેશી ગાય આધારિત સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી ૧૪ વર્ષથી અપનાવી છે.

જેમાં અજમો, રાયડો, વરીયાળી, ઘઉં અને ઘાસચારો અને બાગાયત પાકમાં છેલ્લા ૨૧ વર્ષથી આમળાનું વાવેતર કર્યું છે. જે ખેતી વૈજ્ઞાનિકના યોગ્ય માર્ગદર્શન અને કોઠા સૂઝથી ૧૬ વર્ષના આમળાના ઝાડને કટીંગ કરીને તેના પર ડ્રાઈ કટીંગ કરી ઝાડની આખી પ્રજાતિ બદલીને રેસા વગરની જાત (N.A. 7) વિકસાવી છે. જેની વધુ માંગ અને ઉંચા ભાવ મળે છે. તેમાંય ગુજરાત ઓરગેનિક પ્રોડકટસ સર્ટિફિકેટ એજન્સી અમદાવાદ સાથે ૬ વર્ષથી જોડાઈને ડબલ નફો મળતો થયો છે. વેપારીઓ તેઓના ખેતરમાં જાતે જઈ ખરીદી કરે છે. જેથી ખર્ચ બચે છે. અનેક લોકો-વિઝીટરો અને ખેડૂતો અહીં મુલાકાત લઈ પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. જેનાથી અળસિયા જે વર્ષો પહેલા લુપ્ત થયા હતા તે ફરી જમીનમાં આવશે. જેથી જમીન ફળદ્રુપ થશે. જેથી ઉત્પાદન અને નફો વધશે. જેઓ પ્રાકૃતિક ખેતીના ટ્રેનર તરીકે કામગીરી કરે છે. સરકારના મનરેગા યોજનામાં ભૂગર્ભજળ સંચય યોજના અંતર્ગત ચોમાસાનું વધારાનું પાણી વહી જતું જમીનમાં ઉતારી પાણી રિચાર્જ માટે ૮૦ ફૂટ ઉંડાઈ ટ્યુબવેલ આઠના ડાયામીટરનું મંજુર થયું છે. સાથે સાથે આમળા-બોરડી અને આંબાની જાતે કલમ તૈયાર કરી ખેડૂતોને પુરી પાડે છે. નર્મદાના પાણીથી આખો વિસ્તાર હરિયાળો બન્યો છે. ખેતરના પાળા-શેઢા ઉપર કચ્છની ઉંચી જાતના ૪૦૦ આમળાના ઝાડનું સફળ વાવેતર કરી 'મોડલ ફાર્મ' બનાવ્યું છે. આપણા ખેડૂતભાઈઓએ પટેલ નટવરભાઈના મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરી ખેત પેદાશની ઉત્પાદન શક્તિ વધારવા અને ખેતીની વિશેષ માહિતી મેળવવા ખાસ અનુરોધ છે.

# પર્વ ની સાથે સાથે

- અતુલ પોથીવાલા (અમદાવાદ)

આપણા ઘરમાં પણ કોઈ ઉત્સવ કે પ્રસંગ ઘણાં વખત પછી આવવાનો હોય ત્યારે આપણે સૌ કુટુંબ સગા-સંબંધી કેટલા હરખ ઘેલાં બની જઈએ છીએ ?

આપણા સર્વેના પ્રાણપતિ અને સમગ્ર ભરતખંડના રાજાધિરાજ એવા શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ માં પ્રાગટ્ય મહોત્સવ કહેતાં ''પર્વ''ને હવે ગણત્રીનાં જ દિવસો બાકી રહ્યાં છે ! દિન પ્રતિદિન ઉત્સાહ વધતો જ જાય છે ને ?

આજે શ્રી નરનારાયણદેવની મૂર્તિઓના સંકલ્પ બાબતે એક અતિ રહસ્યની વાત કહેવી છે.

શ્રી નરનારાયણદેવની યુગ્મ મૂર્તિઓ - અમદાવાદ મંદિરમાં પધરાવવાની વાત સંતો અને ભક્તોની સભામાં શ્રીહરિએ કરેલી એ વાત આપણે બધા જ જાણીએ છીએ.

પરંતુ સ્વર્ગલોકમાં દેવતાઓની સભામાં પણ આ જ આપણા ઈષ્ટદેવ શ્રી સહજાનંદજી મહાપ્રભુએ - મૂર્તિ પ્રતિષ્ઠાનની આ વાત કરેલી !

આ ગુપ્તવાત ભક્તચિંતામણીમાં શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ વડોદરાના પરચા પ્રકરણો પૈકી પ્રકરણ ૧૪૭ માં સરસ રીતે આલેખી છે.

**સોની કુળમાં ભક્ત ભલો ત્રિકમજી તેનું નામ,**
**તેનો સુત દયાળજી, થાય ધારણા દેખે ધામ ॥**
**એક દિવસ કરી ધારણા ગયોજીયાં હતા જગદીશ,**
**તિંયા હતા બહુ દેવતા, કરે સ્તવન ક્રોડ્ય તેત્રીશ ॥**
**તેને મહારાજે પૂછિયું, તમે રાજી હો સહુ દેવ,**
**તો નરનારાયણ મૂરતિ, પધરાવીએ તત ખેવ ॥**
**ત્યારે દેવ કહે બહુ સારું, ઘણું ગમતું છે અમારું,**
**આ ભૂમિના એ જ છે ભૂપતિ તેની ક્યાંય નથી જો મૂરતિ ॥**
**માટે જરૂર કરવું એ કાજ, એમ બોલિયા સુર સમાજ,**
**તે દયાળજી દેખીને આવ્યો ત્યાંની ખબર તે આંહીં લાવ્યો ॥**

શ્રીહરિને સર્વાવતારી અને સર્વે કારણનાં કારણ એમ જ નથી કહેતા. જે કાંઈ નિર્ણય કરવાનો હોય તે બાબતે બિલકુલ નિખાલસતા, ʻહૃઙ્ગં ʻહૃિહજૅહૃીહિષ્ઠઅ ના કોઈ છૂપાવવાની વાત !

શ્રીનગર મધ્યે પ્રથમ મંદિર કરવાની સહમતિ પણ સભામાં જ લેવાયેલી, શ્રી નરનારાયણ ભગવાનની યુગ્મ મૂર્તિની સ્થાપના કરવી છે એનો નિર્ણય પણ આ ભૂમંડળને વિષે સહમતિથી જ લેવાયો પરંતુ શ્રીહરિ સ્વર્ગલોકના પણ અધિપતિ છે એટલે તેત્રીશ કોટિ દેવતાઓ સમક્ષ પણ મૂર્તિ પ્રતિષ્ઠાનની ચર્ચા કરી અને છેવટે આ ભૂમંડળને વિષે જેની ક્યાંય મૂર્તિ નહોતી એવા અદ્‌ભુત શ્રી નરનારાયણ પ્રભુની મૂર્તિને શ્રીનગર કહેતા અમદાવાદ મધ્યે પધરાવવાનો સર્વાનુમતિ ઠરાવ સુર સમાજની સભામાં પણ પાસ થયો હતો !

જુઓ કેટલી અદ્‌ભુત શ્રી નરનારાયણની મૂર્તિ આપણને મળી છે ! સર્વે દેવતાઓ પણ આવી મનોહર અલૌકિક મૂર્તિ પ્રતિષ્ઠાનથી રાજી રાજી થઈ ગયા ! ભૂમિના ભૂપતિ હોવા છતાં જેની ક્યાંય મૂર્તિ નહોતી - એ ધણીના આપણને નિત્ય નિત નવાં દર્શન થાય છે !

આવા ભવ્ય શ્રીનરનારાયણ પ્રભુનાં ૨૦૦ માં પ્રાગટ્ય પર્વોત્સવ માટે આનંદ કેમ ન થાય ? આપણાં ભાગ્ય અતીશે અપાર છે !

શ્રી સ્વામિનારાયણ ભગવાને સમગ્ર ભરતખંડના ભૂપતિ એવા પ્રતાપી શ્રીનરનારાયણ ભગવાન આપણને આપ્યાં છે. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને અમદાવાદ દેશ પ્રાપ્ત થયો ત્યારે થોડાક ઉદાસ થયેલા. આ સૂકી ભૂમિ ઉપર સત્સંગ કેમ નભશે ?

ત્યારે મહારાજે ભરોંસાના આ વચનો કહેલા, ''ચિંતા ના કરો, શ્રી નરનારાયણદેવ તમારી સાથે છે. એ તો સમગ્ર બ્રહ્માંડના રાજાધિરાજ છે. એ છે એટલે બધું જ આવી ગયું.'' જેવી રીતે શ્રીકૃષ્ણ પરમાત્મા પાંડવોની પડખે હતા પછી અઢાર અક્ષૌહિણી સેના ના હોય તોય શું ?

આવા પ્રતાપી મહારાજાના આગામી ૨૦૦ માં પર્વ મહોત્સવને પાવનકારી બનાવવા માટે તન, મન, ધન - જે કાંઈ બની શકે એટલું યોગદાન તો અવશ્ય કરીએ ! ઈતના તો બનતા હૈ ના !

શ્રી નરનારાયણ મહાપ્રભુનાં અનંત ઉપકારો આપણા ઉપર છે. એમના થકી જ આ સત્સંગ આ ધર્મવંશી આચાર્ય, આ સંતો અને આ સર્વે ભક્તોની ઓળખાણ થઈ છે. આવો સુંદર પરિવાર પ્રાપ્ત થયો છે. આવી નિષ્ઠા અને આવો મહિમા નિત્ય નવીન ને નવીન જો રહેતાં હોય તો એક અને માત્ર એક એવા શ્રી નરનારાયણ ભગવાનની અલૌકિક મૂર્તિનાં નિત્ય પ્રત્યે નવીનને નવીન દર્શન થકી જ રહે છે.

''પર્વ'' આપણું નિમિત્ત છે - ભજન-ભક્તિ વિશેષ કરવાનું - પર્વ નિમિત્તે જે કાંઈ વિશેષ કરીશું તો ભરતખંડના રાજાધિરાજ અવશ્ય રાજી રહેશે. એમની સેવાના નિદિધ્યાસ થકી આ ''પર્વ'' અંતરમાં વસી જાય એટલો દાખડો તો કરવો રહ્યો.

## અમદાવાદ શહેર નજીક શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદીના ગામો



# રાજપુર



- સંકલન : પ્રફુલ ખરસાણી

અમદાવાદથી કલોલ રેલ્વે લાઇન જાય છે. તે દ્વારા કલોલ જઇ ત્યાંથી કડી જતી એસ.ટી. બસ દ્વારા રાજપુર જવાય છે.
અમદાવાદથી બાય રોડ ૧ કલાક ૧૩ મિનિટ થાય
અમદાવાદ એરપોર્ટથી ૫૩ મિનિટ થાય

આ ગામ તાલુકા કડી અને જીલ્લા મહેસાણામાં આવેલું છે.અહીં હરિ મંદિર છે. અહીં શ્રીહરિએ ચાર વખત પધારી અનેક લીલા કરી છે.ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના પાંચસો પરમહંસ સહિત આ ગામમાં પધારી આ ગામની ભૂમિને ખૂબજ પાવન કરેલી છે. શ્રીહરિએ આ ગામમાં ચાર વખત પધારી પોતાના આશ્રિત જનોના મનોરથ પૂર્ણ કર્યા છે.

એક સમયે શ્રીહરિ માથા સૂળ, તુંડલી આદિ ગામોમાં વિચરણ કરતા કરતા રાજપુર ગામે પધાર્યા. પોતાના ગામમાં શ્રીહરિનું આગમન સાંભળી ભાવિક ભક્તો તત્કાળ શ્રીહરિના સામા ગયા. સૌ ભાવિક ભક્તોએ શ્રીહરિને દંડવત પ્રણામ કર્યા અને ફૂલહાર, ચંદન, અક્ષત, કુમકુમ આદિ વડે પૂજા કરી શ્રીહરિને ગામમાં પધરાવ્યા. રાજપુર ગામની ભૂમિને પાવન કરતા કરતા શ્રીહરિ પટેલ જેઠીબાઇના ઘરે પધારી તે ઘરમાં રહેલ વિશાળ મંચ ઉપર પોતે બિરાજ્યા.

આ સમયે બે જયમલ નામના અને જગજીવન અને ત્રિકમ આ ચાર પોતાના અંતરમાં શ્રીહરિ ઉપર ધૂળ નાખવાનો વિચાર કરી ત્યાં સભામાં આવી શ્રીહરિ આગળ જ્યારે બેઠા ત્યારે શ્રીહરિ તે ચારે જણાનો દુષ્ટ સંકલ્પ જાણી તે ચારેના દેખતા ઉડતી ચકલી સામું જોવા લાગ્યા. તેજ સમયે તે ચકલીના નાડીપ્રાણ ખેંચાઈ ગયા અને પૃથ્વી ઉપર પડી ગઇ. ત્યાર બાદ તે ચકલી ઘડી સુધી ચેષ્ટા વગરની અને સ્મૃતિ વગરની નીચે પડી રહી. પછી ફરી જ્યારે શ્રીહરિએ કૃપા દૃષ્ટિથી તેના સામું જોયું ત્યારે તે નીચે પડેલી ચકલી ત્યાંથી ઉડીને ઉંચે ચાલી ગઇ. ત્યારે શ્રીહરિ તે ઉંચે ઉડતી ચકલીને જોઇ રહેલા તે દુષ્ટ પુરૂષોને કહેવા લાગ્યા કે હે દુષ્ટ જનો! મેં જેમ આ ચકલીના નાડીપ્રાણ ખેંચી લીધા તેમ સમગ્ર બ્રહ્માંડના બધા જીવોના નાડી પ્રાણોને પણ ખેંચી લેવા હું સમર્થ છું. તો પણ કેટલાકથી સન્માન અને કેટલાકથી અપમાનિત થકો આ લોકમાં સદા વિચરૂં છું.

શ્રીહરિ આ પ્રમાણે જયમલ આદિ તે પાપી જનોને સમજાવતા છતાં પણ કલેશ કરવા સારૂં જ વાંકા આડાં અવળાં વચનોથી વિવાદ કરતાં તે મૂર્ખજનો જ્યારે કલેશ કરવા તૈયાર થયા ત્યારે તે સર્વ દુષ્ટો સાથે કલેશ કરવા હરખદાસ નામના પટેલ ભક્ત ધનુષ્ય બાણ તૈયાર કરી શ્રીહરિ સમીપે આવ્યા. તે ભક્ત શ્રીહરિની સમીપે આવી ઉભા રહ્યા હતા ત્યારે અત્યંત ભય પામીને દુષ્ટ મનવાળા તે જનો નિર્માની થઇ શ્રીહરિ પ્રત્યે બોલવા લાગ્યા કે હે હરે ! જો તમો ભગવાન હો તો તમો અમારા કુળનો નાશ કરો અને અમારા દેશમાં કાળ પાડો આમ બોલ્યા.

તે સમયે શ્રીહરિની સમીપે બેઠેલા તે ગામના બીજા જનોએ તે દુષ્ટ લોકોને કહેવા માંડ્યું, કે હે ભાઇઓ ! સાક્ષાત્ ભગવાન આગળ તમો એમ ન બોલો એમ કહીને રોકવા લાગ્યા પછી એ ચારે જણાનું અપ્રિય વચન સુણી શ્રીહરિ ઉદાસ થઇ ગયા. અને શ્રીહરિ તે જેઠી બાઇના મંચ ઉપરથી ઉઠી વસ્તાભાઇ નામના પટેલના ઘરે જઇ તે પટેલના આંગણામાં લીંબડાના વૃક્ષ નીચે મંચ ઉપર બિરાજમાન થયા. પછી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું તે ભક્ત વસ્તાભાઇ તથા ગોકળભાઇ તથા ગોદડજી અને વજાજી ક્ષત્રિય ભક્ત તથા વિઠ્ઠલભાઇ, કાનજીભાઇ, બહેચરભાઇ અને વીરાભાઇ આ બધા ભક્તો અને ગામના બીજા સર્વ ભક્તો પ્રીતિથી પૂજન કરી સારી રીતે

જમાડી પોતાનું જીવન ધન્ય કર્યું. પછી શ્રીહરિ વસ્તા ભક્તના ઘેરથી ઉઠી ગામથી બહાર પધાર્યા. ત્યાં પોતાના ભક્તોએ વડના વૃક્ષ નીચે સ્થાપન કરેલી મનોહર શય્યા ઉપર બેસી કહે સેવકો મારો ઘોડો લાવો, ત્યારે સેવક તત્કાળ ઘોડાને લાવ્યા પછી શય્યા ઉપરથી તત્કાળ નીચે ઉતરી પ્રભુ ઘોડે બિરાજ્યા ત્યાર પછી ધર્મનંદન શ્રીહરિ વડની ડાળી બન્ને હાથો વડે પકડી તે ડાળીને ખૂબ ઝુલાવીને પોતાના ઘોડાએ સહિત ત્યાંથી ચાલ્યા ત્યાર બાદ પોતાની પાછળ આવતા તે ગામવાસી સ્વભક્તોને પાછા વાળી શ્રીહરિ ત્યાંથી ઈર (ઈરાણા) નામના ગામે પધાર્યા તે ગામમાં રહેલા માધવભાઈ નામના વૈશ્ય ભક્તે ભક્તિ ભાવથી શ્રીહરિને નમસ્કાર કર્યા, તેમજ પૂજન કર્યું પછી શ્રી હરિના દર્શનાકુળ વજાજી નામના સ્વભક્તની માતાને પોતાનું દર્શન આપ્યા ને ઈરાણા ગામથી ફરી રાજપુર નામના ગામે પાછા પધાર્યા.' તે સમયે ભગવાન શ્રીહરિ તે વજાજી નામના ક્ષત્રિયના ઘરે આવી તેની માતાને પોતાનું દર્શન આપી રાત્રિ તે ગામમાં રહ્યા. પછી બીજા દિવસે પ્રાતઃકાળે ખુશાલ નામના પ્રેમીભક્તની પૂજા અંગીકાર કરી શ્રીહરિ તે રાજપુર ગામથી કુંડાળ ગામે પધાર્યા.

આ રાજપુર ગામમાં શ્રીહરિનો વૈશ્ય જ્ઞાતિનો ભક્ત જયકર્ણ રહેતો હતો. એક સમયે સ્વામિનારાયણ ભગવાને તે ભક્ત જયકર્ણને પોતાના દર્શન આપ્યાં અને તેને કહ્યું કે, હે ભક્તરાજ ! આજથી બારમે મહિને તારો દેહ પડશે. તે સમયે હું તને તેડવા માટે આવીશ. જયકર્ણને શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું અને જયકર્ણે આદર પૂર્વક શ્રીહરિનું પૂજન કર્યું. પછી ભગવાન તત્કાળ ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. ત્યાર બાદ અગિયાર માસ વીતી ગયા. પછી ફરી તેને શ્રીહરિએ દર્શન આપ્યાં અને કહ્યું કે હે ભક્ત ! આજથી આરંભીને એક માસ પછી તારો દેહ પડશે. તેથી જે જરૂરનું કાર્ય કરવાનું હોય તે કરી લે જે. ભગવાન શ્રીહરિ જયકર્ણ ભક્તને આ પ્રમાણે કહીને ત્યાંથી તત્કાળ અંતર્ધાન થયા પછી જયકર્ણે પોતાના બંધુઓને તથા સત્સંગીઓને બોલાવ્યા અને કહ્યું કે હે જનો ! એક મહિના પછી મારૂં મૃત્યું થશે. આ પ્રમાણે સ્વયં શ્રીહરિએ મને દર્શન આપીને કહ્યું છે. તેથી સંતોને રહેવા માટે આપણે આવતી કાલથી મંદિર કરવા મંડીએ તેથી સર્વભક્તોએ જયકર્ણને બહું સારૂં એમ કહ્યું, અને પછી આદર પૂર્વક બોલ્યા, હે ભક્ત ! આપણે આ વાત જે ભક્ત નથી તેને તો ન જ કહેવી પછી શ્રેષ્ઠ ભક્ત જયકર્ણે સત્સંગીઓ સાથે મળીને ઉત્સાહ પૂર્વક મંદિર કરવા માટે આરંભ કર્યો. જ્યારે શ્રીહરિએ કહેલો પોતાનો મૃત્યું કાળ પૂર્ણ થયો ત્યારે તે જયકર્ણે પોતાની પતિવ્રતા પત્નીને આ પ્રમાણે કહ્યું કે, તમો શ્રીહરિના બ્રહ્મપુરમાં આગળ જાઓ. શ્રીહરિ તમોને લેવા માટે આજે જરૂર પધારશે. સર્વાન્તર્યામી પ્રત્યક્ષ શ્રીહરિ મને લેવા માટે આવતી કાલે આવશે. તેથી તે શ્રીહરિની સાથે હું તે શ્રીહરિના અક્ષરધામમાં આવીશ. જયકર્ણની સ્ત્રી એ પ્રકારનું પોતાના પતિનું વચન સાંભળીને આનંદ પામી, અને તત્કાળ સ્થિર આસને બેસી એકાગ્ર મન વડે શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન કરવા લાગી. પછી તે શ્રીહરિ દિવ્ય વિમાનમાં બિરાજી જયકર્ણની પત્નીને લેવા માટે પધાર્યા. પછી તેને વિમાનમાં બેસાડીને પોતાના અક્ષર ધામમાં લઈ ગયા.

પછી બુધ્ધિમાન જયકર્ણે શ્રીહરિના અન્ય એકાંતિક ભક્તો સાથે મળીને પોતાની પત્નીના દેહનો અગ્નિ સંસ્કાર કર્યો. પછી બીજે દિવસે દિવ્ય વિમાનમાં બિરાજેલા શ્રીહરિ, દિવ્ય વિમાનોમાં બેઠેલા અક્ષર મુક્તો સહિત પધાર્યા. પછી જયકર્ણે મુક્તોથી વિંટાયેલા તે શ્રીહરિના દર્શન કરીને પ્રસન્ન થઈ, પોતાની સમીપે બેઠેલા પોતાના બંધુઓને તથા સત્સંગીઓને કહ્યું, હે ભક્તો ! ભક્તવત્સલ શ્રીહરિ દિવ્ય વિમાનમાં બિરાજી, દિવ્ય વિમાનોમાં આવેલા પોતાના પાર્ષદો સહિત મને તેડવા માટે પધાર્યા છે. તેથી હું મારા આ પુત્રને લઈને આ શ્રીહરિની સાથે તેમના દિવ્ય પ્રકાશમાન બ્રહ્મપુર ધામમાં જઈશ. હે ભક્તો ! સર્વાવતારી અને પોતાના આશ્રિતજનોને સદા શાંતિ આપનાર આ શ્રીહરિનું હંમેશાં અનન્ય ભાવથી તમો ભજન કરજો આવી રીતે તેણે ભક્તજનોને કહ્યું તેથી તે ભક્તોએ તેને આ પ્રમાણે કહ્યું, હે એકાંતિક ભક્ત ! તમોએ જે કહ્યું તે યથાર્થ છે આ શ્રીહરિ પોતાના અનુપમ ઐશ્વર્યો લોકોને બતાવે છે. પછી જયકર્ણ ભક્ત 'જય સ્વામિનારાયણ' એ પ્રમાણે કહીને પોતાના શરીરનો ત્યાગ કરીને દિવ્ય તેજોમય સ્વરૂપ પામ્યા. સર્વ સત્સંગીઓ જુવે તે પ્રમાણે આ ભક્ત શ્રીહરિની આજ્ઞાથી સૂર્યસમાન કાંતિમાન વિમાનમાં બેસી ગયા. તેજ પ્રમાણે તેનો પુત્ર પણ તેના દેહનો ત્યાગ કરીને દિવ્ય વિગ્રહ પામી અત્યંત પ્રકાશવાન દિવ્ય અને આશ્ચર્ય જનક વિમાનમાં બેઠો ત્યાર પછી શ્રીહરિ તે પિતા પુત્ર બન્નેને પોતાના દિવ્ય અને મહા આનંદ રૂપ અને સર્વ ધામોમાં શોભાયમાન એવા બ્રહ્મપુર ધામમાં લઈ ગયા. હરિ ભક્તો તથા અન્યજનો તે દિવ્ય, અનુપમ ઐશ્વર્ય જોઈ આશ્ચર્ય પામ્યા અને શ્રીહરિનું અત્યંત માહાત્મ્ય પ્રીતિ પૂર્વક ગાવા લાગ્યા.

આમ શ્રીહરિએ દંઢાવ્ય દેશમાં આવેલ આ રાજપુર ગામની ભૂમિને પોતાની ચરણ રજ વડે અત્યંત પાવન કરી પોતાના આશ્રિતોને પોતાના અક્ષરધામનું અવર્ણનીય સુખ આપી જન્મ મરણથી રહિત કર્યા છે.

# શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી

# અમૃતવચનો

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા
(હીરાવાડી, બાપુનગર)



**પ.પૂ. લાલજી મહારાજશ્રી ના ૨૪ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી (અમદાવાદ મંદિર સભા મંડપ, તા. ૩-૮-૨૦૨૧) :** આજનો દિવસ અમારા પરિવાર માટે જ નહિ પરંતુ સમગ્ર સત્સંગ સમાજ માટે મહત્વનો દિવસ છે. અમારા બાપુજી વખતે એક અગ્રગણ્ય સત્સંગી શેઠ હતા તેઓ બાપુજીને કાયમ કહેતા કે ઉંધા માથે સોપારી પર માથુ ટેકીને ૧૦૦ વર્ષ તપ કર્યું હોય ત્યારે આ પદ મળે છે. આજના પ્રસંગે લાલજી મહારાજશ્રીના બળપણના બે પ્રસંગો યાદ આવે છે જે ખૂબ મનનીય હોવાથી કહું છું. પેલો પ્રસંગ એ છે કે તેઓના પ્રથમ જન્મોત્સવ સમયે તેઓને અમારા ખોળામાં રાખીને આ સભા મંડપમાં અમે બેઠા હતા ત્યારે તેઓ વારે વારે અમારા ખોળામાંથી મારી પાછળ તરફ જોતા હતા. અમને સંકલ્પ થયો કે તેઓ વારંવાર આમ કેમ કરે છે ? વિચાર કરતા તેનું રહસ્ય મળી ગયું. રહસ્ય એ છે કે તેઓ વારંવાર તપાસ કરતા હતા કે હું દાદાના ખોળામાં જ છું ને ! કોઈ બીજાના ખોળામાં નથી ને ? અર્થાત્ ખોળો બદલી નથી ગયો ને ! આ પ્રસંગ પરથી આપણે સૌએ શીખવાનું એ છે કે **ખોળો ક્યારેય બદલાવો જોઈએ નહી !** ( ગૂઢાર્થ બહુ સમજવા જેવો છે !) આપણા નંદ સંતો કાયમ કહેતા કે નિરંતર પાછું વાળીને જોવું કે આપણે શું કરવા આવ્યા હતા. ક્યાં છીએ અને શું કરવાનું છે ?

બીજો પ્રસંગ એ છે કે અમારા નિવાસ સ્થાને વાડીમાંથી ફૂલો ચૂંટીને પાર્ષદો દરરોજ ઠાકોરજી માટે હાર પરોવવા બેસતા ત્યારે લાલજી મહારાજ પણ તેઓની સાથે બેસીને હાર પરોવતા. અમે એકવાર ફોટો પાડવાની ઈચ્છાથી ત્યાં ગયા ત્યારે ધ્યાન ન રહ્યું તેથી ભૂલથી હાર બનાવવા માટે જે પાથરણાનો ઉપયોગ કરવામાં આવતો હતો તે પાથરણા પર અમારો પગ પડી ગયો ત્યારે લાલજી મહારાજ બોલ્યા કે દાદા ! આ પાથરણા પર પગ ન મૂકાય, ભગવાનનો અપરાધ થાય ! **ત્યારે અમને થયું કે પાંચ-સાત વર્ષના આ બાળકને આ બાબત કોઈએ શીખવાડી નથી પરંતુ તેઓ શીખીને જ આવ્યા છે !**

આ પદ પર રહીને કાયમ આશીર્વાદ આપવાના હોય પરંતુ જન્મ દિવસનું આ પર્વ એવું છે કે આજના દિવસે આપ સૌના આશીર્વાદ લેવાના હોય છે તેથી આપ સૌ મહારાજના ચરણોમાં આજે પ્રાર્થના કરજો કે તેઓ તેજસ્વી અને સક્રિય તો છે જ પરંતુ વિશેષ તેજસ્વી અને સક્રિય બને. પર્વ ઉત્સવની જવાબદારી તેઓએ લીધી હોવાથી ખૂબ સક્રિય બની મહેનત કરે છે. સૌ સંતો-હરિભક્તોને સાથે રાખીને પર્વના માધ્યમથી તેઓ સત્સંગની ખૂબ ઉન્નતિ, પ્રગતિ કરે અને ભવિષ્યમાં અમદાવાદ ગાદીના એક આદર્શ આઠમાં આચાર્ય તરીકે પોતાને પૂરવાર કરે અને તેઓનું સ્વાસ્થ્ય ખૂબ સારુ રહે એવી આજના દિવસે શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.



**પ.પૂ. લાલજી મહારાજશ્રી :** આજના જન્મ દિવસના અવસરે અમારે સૌના આશીર્વાદ લેવાના હોય છે. ત્યારે પ.પૂ. મહારાજશ્રી, પૂ. મોટા મહારાજશ્રી તથા પૂ. ગાદીવાળાશ્રી એમ અમારા પરિવારના આશીર્વાદ તો અમને સહેજે મળતા જ હોય છે. પરંતુ આટલી મોટી

સંખ્યામાં સંતો તથા હરિભક્તો આજના દિવસે જ્યારે અમને આશીર્વાદ આપવા આવ્યા છો ત્યારે સૌને ખૂબ ધન્યવાદ. આપણે સૌ નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરીએ કે ઘણા વર્ષોથી મહારાજશ્રી જે સત્સંગની સેવા કરતા આવ્યા છે. જે પરિશ્રમ કરે છે, મોટા બાપજીએ વર્ષો સુધી સત્સંગના ઉત્કર્ષ માટે જે મહેનત કરી છે તેની ૫૦% પણ શક્તિ અગર મહારાજ મને આપશે તો હું મને ભાગ્યશાળી સમજીશ !

આપણે પર્વની તારીખ નક્કી કરી છે પરંતુ વર્તમાન અનિશ્ચાત્મક કાળમાં આપણે જ્યારે રોજ નિત્ય નિયમ ચેષ્ટાના પદો બોલતા હોઈએ ત્યારે એક લીટી કાયમ યાદ આવે છે કે **"મારી મરજી વિના રે, કોઈથી તરણું ન તોડાય" માટે ઉત્સવ નરનારાયણદેવનો છે અને દેવની મરજી હશે ત્યારે જ ઉત્સવ થશે. જ્યાં સુધી મહારાજની મરજી નહીં હોય ત્યાં સુધી શક્ય નથી.**

આપણે પર્વના ઉપલક્ષમાં ગામડે ગામડે સૌ સૌની ક્ષમતા મુજબ સભાઓ શરૂ કરી છે પરંતુ તેમ છતાં વર્તમાન સમયને ધ્યાનમાં લઈને થોડું ધ્યાન રાખીને, સાવધાની રાખીને આયોજન કરીએ તો એ આપણા હિતમાં છે. નિમિત્ત ગમે તે હોય પરંતુ તેથી આપણે આજે દેવના દર્શન કરવા ભેગા થયા છીએ ત્યારે એજ પ્રાર્થના કરીએ કે વિશેષ ને વિશેષ સત્સંગ કરવાની શક્તિ મહારાજ આપણને સૌને પ્રદાન કરે.



**પ.પૂ. મહારાજશ્રી :** પગથિયા ચઢવા બહુ અઘરા છે. દેવના દીકરા છે એટલે દેવના દર્શન કર્યા એ સમયે ખાસ કરીને દેવ સામર્થ્ય આપે છે. **વડીલોનું ધ્યાન રાખવું. અરસ-પરસ હેત રાખવું. આ મહારાજનું વચન છે કે નહિ ?** મહારાજે પણ આ મંદિરમાં પોતાની સાથે માતા-પિતા ધર્મ ભક્તિને પધરાવ્યા છે. આ કોઈ પ્રતિક નથી, પરંતુ વાસ્તવિકતા છે. ઘર તો બધા બનાવે છે. ચાર દિવલ અને તેના પર આઠ માળનું પણ ઘર બની જાય. પરંતુ પરિવાર કોણ બનાવે છે ? પરિવાર આવી રીતે બને છે. આ બાજુ બેઠેલા સંતો, આ બાજુ બેઠેલા હરિભક્તો એમ બધા મળીને પરિવાર બને છે. આ અહીં બેઠેલો પરિવાર સાચો. **આજના આ પરિવારમાં Selected Malterpeice છે બધા** (શ્રેષ્ઠ પસંદગીના ચૂંટેલા ઊંચી કામગીરી કરનાર અર્થાત્ રાજીપો દર્શાવનાર શબ્દો છે) દેવમાં તમારી નિષ્ઠા છે મમત્વ છે અને એટલે તો ભગવાન તમારું ધ્યાન રાખે છે. હમણા લાલજી મહારાજે ૫૦% ની વાત કરી ૫૦% શેનું? મહારાજ સંપૂર્ણ ૧૦૦% સામર્થ્ય આપશે અને અમે તો બેઠાજ છીએને. ક્યાં ચિંતા કરવાની જરૂર છે ? **સંપ્રદાયને લાગતુ હોય, સંતો હરિભક્તો જે દેવના આશ્રયમાં છે તેની ચિંતા દેવને હોય !** વાતનો પ્રારંભ પગથિયા ચઢવા અઘરા છે ત્યાંથી થયેલો. ઘણા આજે મંદિરમાં એન્ટર થાય છે. પરંતુ પગથિયા ચડતા નથી. મેં જોયા છે. તમે પણ જોયા હશે. પ્રોટોકોલ હોય પરંતુ આપણે ટૂંકુ કરવું છે. ક્યાંક કંઈક થાય અને કોઈક સંસ્થા તરફ આંગળી ચીંધે તો સંસ્થા અને દેવ આપણા છે. તમારું અને તમારા પરિવારનું અહિત ન થાય તે માટે હું હાથ જોડીને કહેતો હોઉં છું કે થોડા છેટા રહેજો. પોતાના જાણ્યા હોય એટલે કહેવું પડે છે.

**આ દેવનો મહિમા કહેવો એ મારી Capacity (શક્તિ)ની બહારની વાત છે. આ દેવના સામર્થ્યનું માપદંડ કોઈ કાઢી શકે નહિ. અતિ-અતિ કહીને છેવટે અટકી જવું પડે. એવા આ બળિયા દેવ છે.** આ મંદિરનો ઈતિહાસ આપ સૌ જાણો છો. બ્રિટિશ સલ્તનતે મઠ કે સ્તાનક શબ્દ વાપર્યો છે. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પોતાના અધિકારીની રુએ મંદિરને લીઝ ઉપર કરવાની વાત કરી. પ્રથમ તો મહારાજ કહે, નથી મંદિર કરવું જાવ ! મહારાજ ને એક રૂમાલ ભાર વજન ગમતું નહોતુ. તો આ ઉપાધિ શું કામ કરે ? **પરંતુ તેમ છતાં કાયમી દસ્તાવેજનો બંદોબસ્ત કરાવી તમને અને અમને સુખિયા કરવા માટે આ મંદિર બનાવ્યુ છે. આ એક જ મંદિર એવું છે કે જે મહારાજે પોતે બનાવ્યું છે. પોતે એટલે એવા અર્થમાં કે અન્ય કોઈપણ હરિભક્તોની પ્રાર્થના વિના સ્વયં નિર્ણય લઈને સ્વપ્રેરિત આ મંદિર બનાવ્યું છે.** બાકી બધા મંદિરોમાં જે તે હરિભક્તોની પ્રાર્થના સ્વીકારીને મહારાજે મંદિરો બનાવવાની અનુમતિ આપી છે. છે ને આ ઈતિહાસ ગોરધનભાઈ ! શોધજો તમે ! તમે વાંચો છે ને બહુ ! (આજ્ઞાથી આ સાથે લેખ સામેલ છે) આ બાજુ બેઠેલા સંતો પણ જાણે છે.

નાના મોટા દરેક સંતો વિદ્વાન છે. **એટલે આ મંદિર પણ Selective Peice છે.** (મહારાજની પસંદગીનું મંદિર છે એ અર્થમાં) **તેનો મહિમા કહેવો એ આપણી તાકાતની બહારની વસ્તુ છે. વળી મહારાજનું જન્મસ્થાન પણ આપણા ભાગમાં આવ્યું છે.**

પોતાના હાથમાં રહેલી શ્રી નરનારાયણદેવની પ્રસાદીની મૂર્તિ હોય તેવી પેઈન્ટીંગ કરેલી મૂર્તિ જોઈને પૂ. મહારાજશ્રી કહે, એક વસ્તુ બહુ હૃદય સ્પર્શી છે કે કોઈ અપેક્ષા વિના જે પરિવારની નાની દીકરીએ આ મૂર્તિને ચિતરી છે તે પરિવારે તેને વાતાવરણ કેવું આપ્યું હશે ! નહી તો ઘણા કેટલુંય ચિતરે છે, વળી ઘણા તો મોટા થઈને પણ ચિતરે છે ! **હકીકતમાં આપણે કંઈ ચિતરવાનું રહ્યું જ નથી, કારણ કે મહારાજે સંપૂર્ણ ચિતરીને આપણને આપ્યું છે. ૨૧૨ શ્લોકમાં બધું જ આવી ગયું.** પ્રથમ તો મુક્તાનંદ સ્વામી પણ ભૂલા પડેલા કે આ વળી ગઈકાલના આવેલા છે અને બધાને સમાધિ કરાવે છે એ તો કેમ મનાય ? છે ને આ વાસ્તવિકતા કે નથી ? જાણજો. ઈતિહાસને વાગોળવો કે રિપીટ (પુનરાવર્તન) કરવો એ Stupid (મૂર્ખ) કહેવાય પરંતુ ઈતિહાસ જાણીએ એ જ્ઞાનમાં ગણાય. વાસ્તવિકતા એ છે કે ઘરના સભ્યો માતા પિતાએ એવું વાતારણ આપ્યું હશે જેથી નાની દીકરીને પ્રેરણા થઈ હશે. કોઈએ સાથે બેસીને ચિતરાવ્યું હોય એવું પણ નથી. ચિતરનારે જાતે જીવ રેડીને આ મૂર્તિ ચિતરી છે. જેની કિંમત ન આંકી શકાય તેવો આમાં પુરુષાર્થ છે.

લાલજી મહારાજશ્રીના જન્મ દિવસના નિમિત્તે તમે સૌ ઘણું બધું મૂકીને અહીં દેવના દર્શન કરવા એકત્રિત થયા છો ત્યારે ધન્યવાદ તો બને છે. જે દેવના છે એ સંતો-ભક્તો દેવ માટે પુરુષાર્થ કરે છે અને હું કોઈ ને આશીર્વાદ આપતો નથી. આશીર્વાદ આપનાર આ એક જ (નરનારાયણદેવ) છે ત્યાં પ્રાર્થના કરો એટલે બધું મળશે અને શું નથી આપણી પાસે ? આપણા ભાગમાં બે ટંક ખાઈને પેટ ભરાય એટલું ય નહી હોય પરંતુ દેવ સાથે જોડાયા છીએ ત્યારે બધું મળ્યું છે. અને બધું થયું છે એટલે બસ હવે સંતોને મારા જે નારાયણ ! જૂની ઢબ પ્રમાણે એવું લખતા કે અમારા જે નારાયણ વાંચજો. મહારાજે પણ લખાવેલ છે. તમે સૌ દેવના થઈને રહ્યા છો અને હંમેશા દેવના થઈને રહેવાના છો.

લાલજી મહારાજ ને મહારાજ ખૂબ બળ આપે અને આપશે કારણ કે અમારા બાપ છે એટલે અધિકારથી કહું છું. **આપણા જેવા સુખીયા કોઈ નથી.** નજર ફેરવીને તમારી ચારેય બાજુ જોજો. એક બાજુ બેસીને શાંતિથી વિચારજો કે આપણા જેવું ક્યાંય કોઈની પાસે છે ? તમે કલ્પના કરો, હખે બેસી શકે છે કોઈ ?

લાલજી મહારાજનું Observation (અવલોકન) બહુ રસપ્રદ છે. મોટા બાપજીએ તેઓનો ગુણ કહ્યો તેમ ઘણું બધું છે તેઓમાં ! તેઓમાં જે Skill (ચતુરાઈ) છે એ મારામાં પણ નથી. તેઓએ કહ્યું હોય કે છ મહિના પછી પહેલાનું...... તો તેઓના અવલોકનનું છ મહિને રિઝલ્ટ દેખાય છે. કારણ કે દેવના દીકરા છે, તમે બધા દેવના છો પરંતુ અમારે થોડું વધારે કનેકશન (જોડાણ) છે. આપ સૌને સુખિયા રાખે. રાજી રાખે પરંતુ કાયમ કહું છું કે થોડું ધ્યાન રાખજો. પરિવારનું ધ્યાન રાખજો. કારણ કે હજુ પુરું નથી થઈ ગયું. પકોડીની લારીએ આપણે તો ન જતા હોઈએ પરંતુ જે જતા હોય એ ધ્યાન રાખે. કલાક લાઈનમાં ઉભા રહેવા કરતા ઘેર ખીચડીમાં મઝા છે, કાથીના ખાટલામાં પણ મઝા છે. અહીં ખપ વાળા તમે સૌ આવ્યા છો. બહુ ભીડ કરતા ખપવાળા ઓછા હોય તો પણ અમને ગમે છે. એક ગામમાં અમે ગયેલા ત્યારે સભામાં ત્રણ જણ બેઠા હતા અને સ્ટેજ ઉપર પાંચ જણા બેઠા હતા તો પણ અમે વહેલું નહોતું પતાવ્યું. ઉઠા નથી ભણાવ્યા કોઈને ! ભગવાનની વાત કરી, ભગવાનના ચરિત્રો કહ્યા. **સંપ્રદાયમાં દેવ માટે ક્યારેય Compromise (સમાધાન અર્થાત્ પતાવટ કે સેટલ કરવું) નહી થાય. આ બોટમ લાઈન (ખાસ) છે. મહારાજના વચનમાં Full Stop (પૂર્ણ વિરામ) છે. આપણે આપણી ધરોહર, ગામ મિલ્કત સાચવીએ છીએ એમ દેવનું પણ જાણપણું રાખવું. ઘરમાં આ વાતાવરણ આપજો. ઉપદેશ કામ નથી કરતો, ઉપદેશમાં તો બહુ ખેંચીએ તો સમૂળગુ તૂટી જાય ! વાતાવરણ આપીએ તો આપોઆપ ઉતરી જાય છે. મહારાજે પણ વાતાવરણ આપ્યું છે. મોકળાશ આપી છે, શ્વાસ આપ્યો છે. માણસાઈનો સિદ્ધાંત આપ્યો છે તેના પર આ સંપ્રદાયની નીડ છે. પાયો છે.**

મહારાજના દર્શન કરવા જઈએ ત્યારે ક્યારેક ફાઈલ વિના જઈએ. ઘણી વાર તમે ક્યારેક કોઈને નથી કહેતા કે બસ ખાલી મળવા આવ્યા છીએ ! તો મહારાજ આગળ પણ કાયમ એજન્ડા ન હોય. **દેવના દર્શન કરવા. પણ એજન્ડા લેસ (માગણી વિનાના) દર્શન કરવા તો એ દર્શન સાચા અર્થમાં દર્શન કહેવાય એવું મારુ માનવું છે.** મહારાજ આપ સૌનું ખૂબ રૂડું કરે અને કર્યું છે અને કરતા રહે એવી પ્રાર્થના સાથે ધન્યવાદ.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ



# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

- પ્રફુલ ખરસાણી

સમય ઘડિયાળમાં અને આપણી અંદર એમ બે પ્રકારે વિતતો હોય છે.ઘડિયાળમાં વિતતા સમયથી કેલેન્ડરો બદલાય છે અને આપણામાં વિતતા સમયથી એક સંસ્કૃતિ ઉગે છે. અને એ ઉગેલી સંસ્કૃતિ એટલે આપણો સંપ્રદાય. આજથી બસો વર્ષ અગાઉ વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં શ્રી નરનારાયણદેવની પ્રાણપ્રતિષ્ઠા કરી ને મુમુક્ષુઓ માટે મોક્ષનું સદાવ્રત ખુલ્લું મૂક્યું. આ શ્રી નરનારાયણ દેવ અને ઐતિહાસિક મંદિરે ૨૦૦ વર્ષનો સમય વિતાવ્યો છે. તેનો આવતા વર્ષે એટલેકે ૨૦૨૨માં ''પર્વ''ના નામે ઉત્સવ ઉજવવામાં આવશે. આ માત્ર સર્વ પ્રથમ મંદિરજ નહિં પરંતુ એક વ્યવસ્થાની પણ શરૂઆત હતી. મંદિરમાં આવતા દાન અને રાખરખાવટના ખર્ચનો વહીવટ સંભાળવાની એક નવતર પ્રણાલી મહંતપદ રૂપે શરૂ થઈ. સર્વ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના સર્વ પ્રથમ મહંત પદે સ.ગુ. સર્વજ્ઞાનાનંદ સ્વામીની નિમણુંક શ્રીહરિએ સ્વયં કરી હતી.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના હોલ નં. ૫ માં રખાયેલ આ પાટ પર બેસી સર્વ પ્રથમ મહંત સ.ગુ.સર્વજ્ઞાનાનંદ સ્વામી મંદિરનો વહીવટ પણ સંભાળતા અને શાસ્ત્રો તથા શ્રીહરિચરિત્ર પણ મુમુક્ષુઓને સંભળાવતા. તે સમયે સભામંડપ, હવેલી કે મુખ્ય દરવાજો નહોતો તેથી દરવાજાની બાજુમાં આવેલી છત્રીની જગ્યાએ પાટ રાખી કથા કરતા અને શ્રીજી મહારાજ જ્યારે અમદાવાદ પધારતાં ત્યારે પોતે પણ સ્વામીની કથા સાંભળતા.આ કથા વાર્તાની પ્રણાલી આજે પણ કાલુપુર સહિતના આપણા

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)
પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.
મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

મંદિરોમાં અવિરત પણે ચાલું છે.

આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પણ હવેથી હોલ નં.૧૨માં શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના સંતો - હરિભક્તો કથા વાર્તાનું આયોજન કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. અને જેમ મંદિરમાં દેવના થાળ અને રસોઈ અપાય છે તે જ પ્રમાણે મ્યુઝિયમમાં પણ હોલ નં. ૮માં પ્રસ્થાપિત શ્રી નરનારાયણદેવના થાળ - રસોઈ નું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેના માટે મ્યુઝિયમની ઓફિસમાં સંપર્ક કરવો.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી - ઓગસ્ટ-૨૦૨૧

| | |
|---|---|
| તા. ૦૩-૦૮-૨૦૨૧ | પ.ભ. કલ્પેશભાઈ કેશવલાલ પટેલ - ભાઉપુરા |
| તા. ૦૮-૦૮-૨૦૨૧ | (સવારે) પ.ભ. દયાળજીભાઈ ટાંક - જીરાગઢવાળા (મુંબઈ)<br>(બપોરે) પ.ભ. લક્ષ્મણભાઈ માવજીભાઈ પટેલ - સાધલી |
| તા. ૧૧-૦૮-૨૦૨૧ | શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - કાલુપુર હવેલી |
| તા. ૧૫-૦૮-૨૦૨૧ | પ.ભ. રમેશભાઈ સોમાભાઈ પટેલ - ઈટાદરાવાળા (નવા વાડજ) |
| તા. ૧૭-૦૮-૨૦૨૧ | પ.ભ. પ્રદિપભાઈ વી. કચ્છી - નિકોલ |
| તા. ૨૦-૦૮-૨૦૨૧ | પ.ભ. શૈલેષભાઈ શકરાભાઈ પટેલ - આનંદપુરા - હ. જીતેન્દ્ર, શીવ, મીરા, દેવ, મનાલી, શકરાબાપા પરિવાર. |
| તા. ૨૫-૦૮-૨૦૨૧ | પ.ભ. રવજીભાઈ વી. પટેલ - પ્રગતિનગર, નારણપુરા - હ. અંકિત તથા શ્યામ. |
| તા. ૨૯-૦૮-૨૦૨૧ | શ્રાવણ માસ નિમિત્તે સમૂહ મહાપૂજા મ્યુઝિયમ. |
| તા. ૩૧-૦૮-૨૦૨૧ | અ.નિ. ડૉ. રમણભાઈ મગનલાલ પટેલની ૫૦ મી પુણ્યતિથિ નિમિત્તે - હ. પરેશભાઈ (પ્રેમસખી) (વડુવાળા) |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટની યાદી - ઓગસ્ટ-૨૦૨૧

| | |
|---|---|
| રૂા. ૧,૦૦,૦૦૦/- | પ.ભ. ઘનશ્યામભાઈ કુબેરદાસ પટેલ - (વિહારવાળા) શાહીબાગ |
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ. પટેલ ડાહ્યાભાઈ નારણભાઈ (માણસાવાળા) |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com • email: swaminarayanmuseum@gmail.com**



# ॥ ભક્તિસુધા ॥

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) ‘‘સુખી એ જ છે જેના પાસે સત્સંગરુપી ‘ધન’ છે’’**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

કહેવાય છે ને કે ‘રવિ બિનુ જાય ન રાત’ રાત ક્યારે જાય છે ? અંધકાર ક્યારે દૂર થાય છે ? તો સૂર્યોદય થાય છે ત્યારે જ્યારે આકાશમાં સૂર્યના કિરણોની રોશની આવે છે એટલે ખબર પડી જાય છે કે હવે થોડીવારમાં સૂર્યોદય થશે. સૂર્યોદય થાય એટલે ચંદ્રમાની અને તારાની રોશની જતી રહે છે. એવી રીતે આપણા જીવનમાં રહેલો અંધકાર ક્યારે જાય છે ? આપણું કલ્યાણ ક્યારે થાય છે ? તો આપણા જીવનમાં પરમાત્માની કૃપારૂપી સૂર્યોદય થાય છે ત્યારે સંપૂર્ણ કૃપા ક્યારે થાય છે ? **તો જ્યારે ભગવાનની કૃપા થવાની તૈયારી થાય છે ત્યારે આપણને આભાસ થાય છે. જેવી રીતે રાત જવા આવે એ અંધકાર દૂર થવાની તૈયારી પર ખબર પડે છે. તેમ આપણા અંદર પણ કૃપારૂપી સૂર્યોદય થવાનો હોય ત્યારે આપણને આભાસ થાય છે. કેવી રીતે ? તો આપણું અંતઃકરણ શુધ્ધ થાય છે. આ સત્સંગના માધ્યમથી આપણને આપણા દોષ દેખાય, અને તમારા અંતરમાં ગમે તેવી પરિસ્થિતિમાં ભગવાન પ્રત્યેનો વિશ્વાસ ડગે જ નહિ. ત્યારે સમજી લેવાનું કે આપણે આધ્યાત્મિક માર્ગ પર આગળ વધી રહ્યા છીએ. અને આપણા ઉપર ભગવાનની કૃપા થવાની તૈયારી છે. આ બધું આ સત્સંગના માધ્યમથી જ પ્રાપ્ત થાય છે.** નહિતર આપણે બહાર વ્યવહાર જગતમાં કોઈપણ વ્યક્તિને કહીએ કે તમારું અંદરનું બધું ચોખ્ખું કરો, તો કોઈ સ્વીકારે જ નહિ બધાને પોતાનું શુધ્ધ જ લાગે, પણ આપણે ધ્યાનથી વિચારીએ તો આ સત્સંગના માધ્યમથી જ આપણું અંતઃકરણ શુધ્ધ થાય છે. અને પરિણામે આપણું વર્તન પણ સુધરે છે. પરંતુ પહેલા અંદરની સમજ બદલવી પડે છે. પછી બહારનું વર્તન સુધરે છે. આપણે કહીએ છીએ કે બધું ભગવાનની મરજીથી થાય છે. પણ એમા માણસનું પણ યોગદાન હોય છે. ભગવાને દરેક વ્યક્તિને બે પ્રકારની શક્તિ આપેલી જ છે. સ્વેચ્છાશક્તિ અને સ્વતંત્રતાની શક્તિ આ બે બસ્તુ આપીને ભગવાને બધુ માણસના હાથમાં સોંપી દીધું છે. ઉપયોગ માણસના હાથમાં મૂકી દીધો છે. સારો ઉપયોગ કરે છે તે સારા માણસ બને છે. નહિ તો માનવ ‘દાનવ’ પણ બને છે. બધાના સ્વભાવ જુદા જુદા છે. દરેકની પ્રકૃતિ ઉપર આધાર છે. **માત્ર ભગવાનની મરજીથી જ થતું હોય તો કોઈ કામ ખરાબ થાય જ નહિ.** ભગવાને માણસને સ્વતંત્રશક્તિ પણ આપી છે. અને સાથે સાથે જીવન કેવી રીતે જીવવું ? એના માટે સંતો, શાસ્ત્રો અને સત્સંગ બધું જ આપ્યું છે. જે આપણને શીખવાડે છે કે પરમાત્માએ આપેલી શક્તિનો ઉપયોગ કેવી રીતે કરવો ? **જેમ દર્પણ પારદર્શક હોય છે એવી રીતે શાસ્ત્રો અને સત્સંગ દર્પણ સમા છે. જે આપણા મન, વચન, કર્મની ત્રૃટિઓ દેખાડે છે.** આપણું મેલુ મન આપણને દેખાડે છે. એ બીજાને ખબર નહિ પડે. એવું આપણું મન આપણને જોવા મળે છે. જેમ દર્પણમાં જોઈને આપણે સાડી, મેઈક અપ, ઘરેણા આ બધાથી દેહને શણગારીએ છીએ. તેમ સત્સંગના માધ્યમથી આપણી અંદરની ગંદકી દૂર કરીને આપણું અંતઃકરણ આપણે શણગારીએ છીએ એના માટે શાસ્ત્રો અને સત્સંગની જરૂર છે. તો ભગવાને આ બધું આપી દીધું છે. તેનો ઉપયોગ કઈ રીતે કરવો તે આપણા ઉપર નિર્ભર છે. **પણ માણસ શું કરે છે ? પરમાત્માના બતાવેલા રસ્તા ઉપર નહિ પણ પોતાની બુદ્ધિ પ્રમાણે પરમાત્માએ આપેલી શક્તિનો ઉપયોગ કરે છે. આ સંસારમાં જે વિષમતા છે તેનું કારણ પણ એ જ છે. ભગવાન પ્રયોજનકર્તા છે. પ્રયોજન કર્તા તેનો ઉપયોગ કરે છે.** દા.ત. ઘઉં છે એ બીજ છે. પરંતુ તેને પણ તમે કોથળો ભરીને મૂકી રાખો તો તે ઉગી નીકળથા નથી. જમીન, પાણી, પોષણ બધા સંજોગો ભેગા થાય તો તે ઉગી નીકળે છે. આપણે જતન કર્યું કે શું કર્યું ? તેનો ઉપયોગ કેવી રીતે કર્યો તેના પર નિર્ભર છે. પરમાત્માએ બધા દાણામાં એક સરખી શક્તિ મૂકી છે. તેમ આપણા બધાની અંદર જે ચૈતન્યરૂપી શક્તિ છે તે એકસરખી છે. પ્રકૃતિ દરેકની જુદી જુદી છે. અને બધા પોતાની પ્રકૃતિ પ્રમાણે ઉપયોગ કરે છે. જે રીતે માણસ

ઉપયોગ કરે તે રીતે ગુણ અને અવગુણના રૂપમાં દેખાય છે. આપણી પાત્રતા સ્વરૂપ ગુણ-અવગુણ પ્રગટ થાય છે. બીજું ઉદાહરણ જોઈએ તો જેવી રીતે વીજળી હોય છે. તો તેના માધ્યમથી કોઈ કુલર ચલાવે છે. કોઈ એ.સી. ચલાવે છે. અને કોઈ અજ્ઞાનતાના કારણે ચોંટી પણ જાય છે. પાવર સરખો જ છે. પણ ઉપયોગ જુદો જુદો છે. માટે ઉપયોગ ખૂબ વિચારીને કરવાનો છે. આપણી પાસે શાસ્ત્રરૂપી હથિયાર છે. જે અંતરના શત્રુનો નાશ કરે છે. બહાર વરસાદ હોય અને આપણે છત્રી લઈને નીકળીએ તો વરસાદ રોકાઈ જતો નથી પણ છત્રીથી આપણને રક્ષણ મળે છે. એમ આપણે ભક્તિ કરીએ છીએ તો દુઃખ અને માયા એ બધું આપણા જીવનમાંથી દૂર થઈ જાય તેના માટે નહિ એ બધું આવશે તો ખરું પણ એના સામે આપણું રક્ષણ થાય. મહારાજે એવું નથી કીધું કે દુઃખ વગરના દિવસો આપીશ. પણ આવેલા દુઃખમાંથી પસાર કેવી રીતે થવું એવો રસ્તો શીખવાડે છે. જીવનમાં સુખ-દુઃખ તો આવવાનું જ છે. **આખા બ્રહ્માંડમાં કોઈને નથી મળ્યું એવું સુખ આપણને મળ્યું છે. શું ? તો આ નરનારાયણદેવના ચોકમાં બેસીને ભગવાનનું નામ લેવાનું મળી ગયું છે એની આપણને કિંમત સમજાય તો આપણે નરનારાયણદેવના ખોળામાં બેઠા છીએ.** જેમ હરણ હોય છે. તેની નાભિમાં કસ્તૂરી હોય છે. પરંતુ તે આમ તેમ દોડાદોડ કરે છે, કે આવી સરસ સુગંધ ક્યાંથી આવે છે. તો આપણે હરણની જેમ દોડાદોડ કરવાની જરૂર નથી. **કસ્તૂરીની સુગંધ લેવા અન્ય જગ્યાએ જવાનું નહિ તે અંહિયાથી જ પ્રસારિત થાય છે.** જીવનમાં થોડુંક કાંઈ થાય તો વિચલિત નહિ થવાનું. અમુક રોગો એવા હોય છે કે જેમા એક જ દવા લાંબા સમય સુધી કરવી પડે છે. પછી જ મટે છે. એવી રીતે આપણા અંતરમાં અવગુણરૂપી રોગો પેસી ગયા છે. તે નીકળે તેના માટે થોડી રાહ જોવી પડે અને અમુક વખતે આપણા જીવનમાં થોડા દુઃખની પણ જરૂર હોય છે. નહિતર માણસ અહ્‌મથી જોડાઈ જાય છે. અમુક કાર્યમાં અમુક વખતે માણસને જે જોઈએ એ બધું મળી જાય છે. તો એ લોકો અહંકારથી જોડાઈ જાય છે. મેં કર્યું, મને મળ્યું, મેં મેળવ્યું મારી મહેનતનું ફળ છે. એમ અહંકાર સંતોષાય છે. પણ જેટલા અંશે આપણે અહંકારથી જોડાઈએ છીએ એટલા અંશે ભગવાનથી દૂર થતા જઈએ છીએ. થોડીવાર માટે સારુ લાગે છે. પરંતુ એ જે સફળતા છે તે આગળ જઈને પરાજિત કરે છે. **અને અમુક વખતે અમુક કામમાં પરાજય થયો તો જીવનમાં 'સરળતા' આવી જાય છે. તો એ પરાજય આગળ જઈને 'સફળતા' અપાવે છે. ભગવદ્ પ્રાપ્તિરૂપી 'વિજય' અપાવે છે.** માટે દરેક કાર્યમાં ભગવાનને જોડે રાખવાના. મહારાજને પ્રાર્થના કરવાની કે મારા જીવનમાં આવતા કાર્યો હું સારી રીતે કરી શકું એમ શક્તિ માગવાની અને કાર્ય સમજી વિચારી યોગ્ય ઉપયોગપૂર્વક કરવાનું તો મહારાજ તમને બધાને એવી શક્તિ આપે એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

### જેતલપુર દર્શનાર્થીઓ માટે પાર્કિંગ વ્યવસ્થા

સમસ્ત સત્સંગને ખાસ જણાવવાનું કે આપણા જેતલપુર મંદિરમાં પૂનમ અને રવિવારના રોજ દર્શનાર્થીઓની ખૂબજ ભીડ હોય છે. જેથી તેમના વાહનોની પાર્કિંગ વ્યવસ્થા ગુરુકુળ રોડ પાસે મંદિરની જગ્યામાં જ મોટું વિશાળ પાર્કીંગ ઝોન બનાવવામાં આવ્યું છે. જેથી ખાસ પૂનમ અને રવિવારે દર્શને આવતા હરિભક્તોને પોતાના વાહન ત્યાંજ પાર્કિંગ કરવા ખાસ ભલામણ છે.

### સંપ્રદાયનું ગૌરવ

ડૉ. શ્રી અવિનાશભાઈ ભરતભાઈ પટેલ (એમ.ડી.) (ગોલ્ડ મેડાલીસ્ટ) (મૂળ પાટણપુરા ગામ) તાજેતરમાં તેઓ કડી ખાતે ભાગ્યોદય જનરલ હોસ્પિટલમાં પિડીયાટ્રીશ્યન તરીકે સેવા બજાવે છે. તેઓએ થોડા સમય પહેલા તેમની આગવી સૂઝ બૂઝ અને યોગ્ય નિદાનથી તાજી જન્મેલી ગરીબ પરિવારની બાળકીને શ્વાસ લેવામાં, હલન-ચલન, રડી શકતી નહતી. ફેંફસા પણ ડેમેજ હતા. તેમની હોસ્પિટલે તેમના સુંદર યોગ્ય નિદાનથી નિઃશુલ્ક સારવાર દ્વારા હસતી રમતી કરી દીધી છે. તેઓએ પ.પૂ. મોટા મહારાજશ્રી પાસે પ્રાતઃ પૂજા લઈ આશીર્વાદ ગ્રહણ કરેલા છે. શ્રી નરનારાયણદેવના ખૂબજ નિષ્ઠાવાન છે. જેનું આપણને વિશેષ ગૌરવ થાય છે. આવા આપણા ડૉ. અશ્વિનભાઈની ઉતરોત્તર પ્રગતિ માટે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી અંતઃકરણપૂર્વકના આશીર્વાદ પાઠવે છે.

### અક્ષરવાસ

જેતલપુરધામ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઘણા વરસથી શ્રીહરિનું ધ્યાન ભજન સ્મરણ કરતા એવા સ.ગુ. શાસ્ત્રી સ્વામી ભક્તિવલ્લભદાસજી ગુરુ સ.ગુ. સ્વામી કૃષ્ણચરણદાસજી (ઉં. વર્ષ ૭૬) શ્રાવણ સુદ-૫ શુક્રવાર તા. ૧૩-૮-૨૦૨૧ ના રોજ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

# સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં અલૌકિક હિંડોળા દર્શન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અને અમદાવાદ કાલુપુર મંદિરના વિદ્વાન કથાકાર પૂજ્ય મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી પવિત્ર શ્રાવણ માસમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ સમક્ષ સૂકામેવા, શાકભાજી, ફુલ, ફ્રૂટ, રાખડી, પવિત્રા, અનાજ, કઠોળ, આદિ વિવિધ પ્રકારના અવનવા હિંડોળા બનાવીને શ્રીહરિ બાલમુકુન્દજીને સાંજના સમયે ઝુલાવવામાં આવતા હતા. સંત-હરિભક્તો સૌ આવા અલૌકિક દર્શન કરી પોતાને ધન્યભાગી માનતા હતા. અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ પર્યન્ત આખો માસ હિંડોળા થયા હતા. (કોઠારી સ્વામી, કાલુપુર મંદિર)

### પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૨૪ મો પ્રાકટ્યોત્સવ ભવ્યતા અને દિવ્યતાથી ઉજવાયો

જીવેમ્ શરદઃ શતમ્

શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી ભગવાન શ્રી સ્વામિનારાયણના ૮ માં વંશજ પ.પૂ. ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૨૪ મો પ્રાકટ્યોત્સવ તા. ૩-૮-૨૧ ના રોજ સવારે અમદાવાદ મંદિરના પ્રસાદીના સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં તથા ધામોધામથી પધારેલા મોટી સંખ્યામાં બ્રહ્મનિષ્ઠ સંતો અને હરિભક્તોની ઉપસ્થિતિમાં કોરાના મહામારીના સરકારી ગાઈડ લાઈનના નિયમોનું પાલન કરીને ભવ્યતા અને દિવ્યતાથી ઉજવાયો.

સૌ પ્રથમ શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોએ નિજ મંદિરમાં ત્રણેય દેરામાં શ્રી નરનારાયણાદિક સ્વરૂપોની શણગારી આરતી ઉતારી દર્શન કરી સભા મંડપમાં બિરાજમાન થયા હતા. પૂ. મહંત શા. સ્વામીશ્રી નિર્ગુણદાસજીના સભા સંચાલન હેઠળ મંદિરના ભૂદેવોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું વેદના મંત્રોથી સ્વસ્તિવાચન સાથે પૂજન અર્ચન કર્યું હતું. પૂ. મહંત સ્વામીએ સર્વે સભાવતી શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોને ચમેલીના હાર પહેરાવીને જન્મદિનની શુભેચ્છા વ્યક્ત કરી હતી. ત્યાર પછી જન્મોત્સવના યશસ્વી યજમાન પ.ભ. શ્રી સંજયભાઈ રમણીકભાઈ સોની તથા ચિ. પુત્ર અર્જુને પુષ્પગુચ્છ અર્પણ કરી અગ્રગણ્ય યુવાન સંતો, ટ્રસ્ટીઓ તથા આગેવાન હરિભક્તો સાથે રહી આરતી ઉતારી હતી.

પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનો લેટેસ્ટ ટેકનોલોજીનો સત્સંગના ઉત્કર્ષ માટે વધુમાં વધુ ઉપયોગ થઈ શકે તેવો અભિગમ ધ્યાનમાં રાખીને પૂ. મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર સે-૨) ની પ્રેરણા તથા માર્ગદર્શનથી વર્ચ્યુઅલ રીયાલિટી (વી.આર.)ના કોન્સેપ્ટ હેઠળ ખોડિયાર ગ્રુપ ઓફ કંપનીના ડેક ટેકનોલોજીના ડિરેકટરોએ તૈયાર કરેલ પાંચ મિનિટના વિડીયો શોના પેમ્પલેટનું શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. સમગ્ર કોન્સેપ્ટ તથા તેની ઉપયોગિતા પૂ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ સમજાવી હતી.

અંતમાં પશ્ચિમ દેશમાં આપણા ઘણા મંદિરો હોય ત્યાંની સંસ્કૃતિને માન આપી શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યોની ભાવના પૂરી કરવા તેઓ દ્વારા લવાયેલ કેક કાપી ભગવાનના જયઘોષ સાથે ઉત્સવની પૂર્ણાહુતિ થઈ હતી. (ગોરધનભાઈ વી. સીતાપરા)

### 'પર્વ' મહામહોત્સવના ઉપલક્ષમાં અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવ સન્મુખ શ્રી જનમંગલ પાઠ અનુષ્ઠાન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી આપણા શ્રી નરનારાયણદેવના 'પર્વ' મહામહોત્સવના ઉપલક્ષમાં શહેર ને ગામોગામના શિખરબધ્ધ અને હરિ મંદિરોમાં ધાર્મિક અને સામાજીક પ્રવૃત્તિ સતત ચાલી રહી છે.

આપણા કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં સ.ગુ. મહંત શા. સ્વામી નિર્ગુણદાસજીના માર્ગદર્શન મુજબ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ સન્મુખ શ્રીહરિને અતિ પ્રિય એવું શ્રી જનમંગલ પાઠ અનુષ્ઠાન પવિત્ર શ્રાવણ માસમાં તા. ૯-૮-૨૧ થી શ્રાવણ વદ અમાસ તા. ૭-૯-૨૧ પર્યન્ત સંતોએ સવારે ૬-૩૦ થી ૭-૩૦ સુધી સતત કર્યું હતું. (કોઠારી સ્વામી, કાલુપુર મંદિર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર) મંદિરમાં ૨૦૦ કલાકની અખંડ ધૂન

શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવમ્ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભાશીર્વાદથી જ્યારે શ્રી નરનારાયણ ભગવાનની પ્રતિષ્ઠાના ૨૦૦ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે પ.પૂ. લાલજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને ઉજવાવનાર આગામી ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં સૌ પ્રથમવાર સ.ગુ. ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજી અને સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી તથા મહંત શા. સ્વામી વાસુદેવચરણદાસજીની પ્રેરણા અને માર્ગદર્શનથી તેમજ યુવક મંડળ તથા સત્સંગ સમાજના આયોજનથી મંદિરના વિશાળ સભા મંડપમાં તા. ૭-૮-૨૧ સવારના ૮-૦૦ કલાકથી શરૂ કરી તા. ૧૫-૮-૨૧ સાંજના ૫-૦૦ કલાક પર્યંત અખંડ ૨૦૦ કલાકની ધૂન પ.ભ. શ્રી વલ્લભભાઈ પોપટભાઈ ખીચડીયા પરિવારના યજમાનપદે સંપન્ન થઈ હતી.

ધૂનની શરૂઆત અમદાવાદ મંદિરના પૂ. મહંત શા. સ્વામી નિર્ગુણદાસજી તથા પોરડા, ગાંધીનગર સે-૨, નારાયણઘાટ, જૂનાગઢ આદિક ધામોથી પધારેલ પાંચ વડીલ બ્રહ્મનિષ્ઠ સંતો તથા યજમાનશ્રીના હસ્તે દીપ પ્રાગટ્યથી તેમજ પૂ. નિર્ગુણદાસજી સ્વામીના શુભાશીર્વાદથી થઈ હતી. બપોરના ૧ થી સાંજના ૭ ની પાળીમાં બહેનોએ ધૂન કરી હતી. રવિવારના દિવસે નરોડા તથા લસુન્દ્રાનું યુવક મંડળ તથા કાલુપુર મંદિરનું ધૂન મંડળ પણ એક દિવસ ધૂનમાં જોડાયું હતું. ધૂનના પ્રારંભથી સમાપન સુધી હરિભક્તોની એક સરખી સંખ્યા અને ઉત્સાહ જળવાઈ રહ્યો હતો.

તા. ૧૪-૮-૨૧ ના રોજ સવારે ૯-૩૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સંત મંડળ સાથે પધારીને સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોનીમાં ચરણાર્વિંદનું અનાવરણ-ધૂન તથા મહાપૂજા**

શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવમ્ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભાશીર્વાદથી તથા પ.ભ. દાસભાઈની પ્રેરણાથી આગામી પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં તા. ૧૫-૮-૨૧ના રોજ પ.ભ. અરવિંદભાઈ આર. દોંગાના મુખ્ય યજમાનપદે સમૂહ મહાપૂજા તથા સવારના ૬-૦૦ થી બપોરના ૧૧-૧૫ સુધી અખંડ પાંચ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન થઈ હતી.

હર્ષદ કોલોની મંદિરને શ્રી નરનારાયણદેવના સિંહાસનનો પ્રસાદી આરસ પથ્થર પ્રાપ્ત થયેલો. જે પથ્થરમાંથી બનાવવામાં આવેલા શ્રીહરિના ચરણાર્વિંદ અત્રે છત્રીમાં સ્થાપન કરવામાં આવ્યા હતા. બહેનોને દર્શન સુખ આપવા મહાપૂજાની પૂર્ણાહુતિમાં પધારેલ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ ચરણાર્વિંદનું પૂજન-આરતી કરી અનાવરણ કર્યું હતું. ધૂનની પૂર્ણાહુતિમાં પધારેલ અમદાવાદ મંદિરના પૂ. શા. સ્વામી નિર્ગુણદાસજીએ ચરણાર્વિંદની છત્રી પર ધજા આરોહણ કરી દર્શન માટે ખુલ્લા મુક્યા હતા. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**જેતલપુરધામમાં પર્વ મહોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ કથા**

જેતલપુરધામમાં બિરાજમાન શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી તથા અત્રે મંદિરના મહંત સ્વામી સ.ગુ.શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી આપણા પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં પવિત્ર શ્રાવણ માસમાં પ્રસાદીના સ.ગુ. આનંદાનંદ સ્વામી સભામંડપમાં આખો શ્રાવણ માસ સાંજે ૫-૦૦ થી ૬-૦૦ દરમ્યાન શ્રીમદ્ સત્સંગિભૂષણ ગ્રંથની કથાનું સુંદર શ્રવણ સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ કરાવ્યું હતું. અત્રે ગામના સૌ હરિભક્તોએ કથા શ્રવણ કરી ખૂબજ ધન્ય બન્યા હતા. (મહંતશ્રી કે.પી. સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા દ્વારા ''પર્વ''ના ઉપલક્ષમાં કાલુપુર અને જેતલપુર મંદિરમાં અખંડ ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ૨૦૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે 'પર્વ' ઉત્સવ અંતર્ગત પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપુરા દ્વારા ૨૦૦ કલાકની ધૂનનું આયોજન થયું. તેમાં પણ શ્રીહરિના પ્રસાદીના ધામોમાં સંતો-ભક્તોએ જઈ ત્યાં ધૂન કરી દેવોને રાજી કરવાનો સંકલ્પ જેતલપુરધામ તથા નારાયણપુરા મંદિરના મહંત સ્વામી સ.ગુ. શા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. પુરુષોત્તમપ્રકાશદાસજી સ્વામીએ કર્યો હતો.

આ મહામંત્ર ધૂન પ્રસંગે પ્રથમ ધૂન શ્રી સ્વામિનારાયણ મંદિર - કાલુપુરમાં તા. ૮-૮-૨૦૨૧ ના રોજ સવારે ૫-૦૦ કલાકથી બપોરે ૧૨-૦૦ કલાક સુધી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં થઈ હતી. આ પ્રસંગના યજમાન પદનો લાભ માણસાવાળા પ.ભ. શ્રી ડાહ્યાભાઈ નારાણદાસ પટેલ પરિવારે લીધો હતો.

મહામંત્ર ધૂન પ્રસંગે બીજી ધૂન જેતલપુરધામે તા. ૧૪-૮-૨૦૨૧ ના રોજ રાખવામાં આવી હતી. સવારના ૫-૦૦ થી ૧૨-૦૦ કલાક સુધી ધૂન થઈ હતી તેમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. આ ધૂનના યજમાનપદનો લાભ પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ ભગવાનદાસ પટેલ તથા પ.ભ. શ્રી નટુભાઈ ભગવાનદાસ પટેલ પરિવાર કરજીસણવાળાએ લીધો હતો. બન્ને ધૂન પ્રસંગે મોટી સંખ્યામાં સંતો-હરિભક્તોએ લાભ લીધો હતો. (કોઠારી પૂર્ણસ્વરૂપ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આગામી શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ માં પાટોત્સવ મહા મહોત્સવ 'પર્વ'ના ઉપલક્ષમાં બોપલ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મહંત સ્વામી ધ્યાનપ્રિયદાસજી તથા સ્વા. ધર્મસુતપ્રિયદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી નીચે મુજબ કાર્યક્રમનું સુંદર આયોજન થઈ રહ્યું છે.

(૧) બોપલ અને વણઝર મંદિરમાં શ્રી નરનારાયણષ્ટકના નિયમિત પાઠ અને ૨૦૦ કલાકની ધૂન ચાલું છે. (૨) દરમાસની પૂનમે કાલુપુર મંદિર પદયાત્રા દ્વારા મંગળા આરતી દર્શન. (૩) દર શુક્રવારે ગરીબોને ખિચડી જમાડવામાં આવે છે. (૪) સાણંદ-ગોધાવી તથા નળકાંઠાના ગામોમાં સંતો દ્વારા ગ્રામ સભા-સત્સંગ સભા થાય છે. (૫) કોરોના કાળમાં સૌની સુખાકારી માટે મેડીકલ કેમ્પ અને વેકસીન અપાવવાની ઝુંબેશ પ્રવૃતિ. (૬) ગરીબ પરિવારોને અન્નદાન રૂપે ખાદ્ય પદાર્થની કીટનું વિતરણ. (૭) કોરોના મહામારીમાં મૃત્યુ પામેલાના આત્મશ્રેયાર્થે વણઝર મંદિરમાં પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ તરફથી શ્રીમદ્ ભાગવત કથાનું પણ આયોજન કરાયું હતું. (પ્રવિણ ઉપાધ્યાય)

**પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી નરનારાયણ ભગવાનના દ્વિશતાબ્દી વર્ષ 'પર્વ'ના ઉપલક્ષમાં પ.પૂ. ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રેરણાથી ગાંધીનગર (સે-૨)ના મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી નીચેના ગામોમા થયેલ સત્સંગ સભાઓ**

**(૧) બદપુરા ગામે** તા. ૨૨-૭-૨૧ ના રોજ પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં સુંદર સત્સંગ સભા થઈ હતી. જેમાં

મહંત શા. પી.પી. સ્વામી અને શા. રામ સ્વામીએ સૌ હરિભક્તોને ઉત્સવની માહિતી સાથે કથા વાર્તાનો લાભ આપ્યો હતો.

**(૨) કર્મશક્તિ અમદાવાદ** તા. ૨૪-૭-૨૧ ના રોજ અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મહંત શા. પી.પી. સ્વામી, શા. રામ સ્વામી અને શા. મુનિ સ્વામીએ હિંડોળાના પ્રથમ દિને હિંડોળા પ્રારંભ કરાવીને સભામાં કથા-વાર્તા કરી અને ભગવાન શ્રીહરિને અલૌકિક હિંડોળામાં ઝુલાવ્યા હતા.

**(૩) મોટરા** શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૪-૭-૨૧ ના રોજ શા. દેવ સ્વામી અને સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ હિંડોળા પ્રારંભ કરાવીને સૌને પર્વ મહોત્સવના ઉપલક્ષમાં કથાવાર્તાનો લાભ આપ્યો હતો. તા. ૩૧-૭-૨૧ ના અત્રે સત્સંગ સભામાં મહંતશ્રી પી.પી. સ્વામી અને શા. રામ સ્વામીએ પર્વ મહોત્સવ વિશે જાણકારી આપી હતી.

**(૪) મહાદેવપુરા છાલા** શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૭-૭-૨૧ ના રોજ મહંત શા. સ્વામી પી.પી. સ્વામી અને શા. રામ સ્વામીએ 'પર્વ' મહામહોત્સવના ઉપલક્ષમાં અનેકવિધ કાર્યક્રમોની જાહેરાત સાથે કથા-વાર્તાનો હરિભક્તોને લાભ આપ્યો હતો.

**(૫) બાયલ** શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૭-૭-૨૧ ના રોજ મહંત શા. પી.પી. સ્વામી અને શા. રામ સ્વામીએ સર્વે ભક્તોને પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં કાર્યક્રમની રૂપરેખા સાથે ભગવાનના અલૌકિક લીલા ચરિત્રો સંભળાવ્યા હતા.

**(૬) હિંમતપુરા** શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૨૮-૭-૨૧ ના રોજ સ્વામી દેવપ્રકાશદાસજી અને સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ હરિભક્તોને સભામાં કથાવાર્તા સાથે પર્વ મહોત્સવની રૂપરેખા સમજાવી હતી.

**(૭) નડોડા** તા. ૧-૮-૨૧ ના અત્રે હરિભક્તોને મહંત સ્વામી પી.પી. સ્વામી અને શા. રામ સ્વામીએ સુંદર સત્સંગ સભા દ્વારા પર્વ મહોત્સવના ઉપક્રમે અનેક વિધ પ્રવૃતિમાં સૌને જોડાવા અનુરોધ કર્યો હતો.

**(૮) મહાદેવનગર** શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૩-૮-૨૧ ના રોજ મહંત શા.પી.પી. સ્વામી અને ઘનશ્યામ સ્વામીએ કથાવાર્તા દ્વારા આપણા પર્વ મહોત્સવની રૂપરેખા સમજાવી હતી.

**(૯) વરસોડા** શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૪-૮-૨૧ ના રોજ દેવપ્રકાશ સ્વામી, શા. સત્સંગભૂષણ સ્વામી અને નરનારાયણ સ્વામીએ ગામના સર્વે હરિભક્તોને કથામૃત પાન કરાવીને પર્વ પ્રસંગની રૂપરેખા સમજાવી હતી.

**(૧૦) સોનારડા** તા. ૮-૮-૨૧ ના રોજ અહી મહંત શા.પી.પી. સ્વામી, દેવ સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામી આદિ સંત મંડળે સત્સંગ સભામાં ગામના હરિભક્તોને પર્વ મહામહોત્સવની રૂપરેખા સાથે ભગવાનનું માહાત્મ્ય સમજાવ્યું હતું.

**(૧૧) દિયોદર (બનાસકાંઠા)** શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૯-૮-૨૧ ના રોજ સંત-હરિભક્તોની સુંદર સભામાં મહંતશ્રી પી.પી. સ્વામી, દેવપ્રકાશ સ્વામી અને ધર્મસ્વરૂપ સ્વામી આદિ સંતોએ પર્વ મહામહોત્સવની રૂપરેખા સાથે ભગવાનના લીલા ચરિત્રની કથા કરી હતી.

**(૧૨) મુબારકપુરા** તા. ૯-૮-૨૧ ના રોજ અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શા. રામ સ્વામી અને શા. ગોપાલજીવન સ્વામીએ સત્સંગ સભામાં કથાવાર્તા સાથે પર્વ મહામહોત્સવની રૂપરેખા સમજાવી હતી. (શા. દેવપ્રકાશ સ્વામી, ગાંધીનગર - સેકટર-૨)

### પાટડી બહેનોના મંદિરમાં પર્વ મહોત્સવ નિમિત્તે ૨૦૦ કલાકની ધૂન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તથા સાં. શાંતાબા, હંસાબા અને રંજનબાની પ્રેરણાથી પાટડી બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૪-૬-૨૧ થી તા. ૧૧-૭-૨૧ દરમ્યાન શ્રી નરનારાયણદેવના 'પર્વ' મહોત્સવ નિમિત્તે સમસ્ત બહેનોએ કુલ ૨૦૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી હતી. પૂર્ણાહુતિ પ્રસંગે ૨૦૦ દીવાની દીપમાળા પ્રગટાવી સમૂહ આરતી તથા શ્રી નરનારાયણદેવનો ફુલોથી અભિષેક કરી ઉત્સવ ઉજવ્યો હતો. (કોઠારીશ્રી પાટડી મંદિર)

### પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં પાટડીમાં વૃક્ષારોપણ અને મંત્રલેખન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી તથા નારાયણપુરા મંદિરના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજીના માર્ગદર્શનથી આપણા 'પર્વ' મહામહોત્સવના ઉપલક્ષમાં તા. ૩૧-૭-૨૧ ના રોજ પાટડી ગામે નારણપુરા સ્વામિનારાયણ મંદિરના સંત મંડળ દ્વારા વૃક્ષારોપણ અને મંત્રલેખન નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સર્વે ગામના ભક્તો જોયા હતા. (ચર્તુભુજ સ્વામી, નારણપુરા મંદિર)

### પર્વ મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર જરવલા (ભાઈઓનું) અને (બહેનોનું) ૨૦૦ કલાકની ધૂન-સામાજીક પ્રવૃત્તિ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તથા સાં. શાંતાબા, રંજનબા અને હંસાબાની પ્રેરણાથી જરવલા ગામના ભાઈઓ-બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં 'પર્વ' મહોત્સવના ઉપલક્ષમાં ૨૦૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવામાં આવી હતી. (કોઠારીશ્રી જરવલા મંદિર)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી તથા નારણપુરા મંદિરના મહંત સ્વામી સ.ગુ. શા. આત્મપ્રકાશદાસજીના માર્ગદર્શનથી આપણા પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં તા. ૫-૮-૨૧ ના રોજ જરવલા ગામે નારણપુરા મંદિરના સંત મંડળ દ્વારા ગામ સફાઈ અભિયાન અને વૃક્ષારોપણની સુંદર પ્રસંશનીય પ્રવૃત્તિ કરવામાં આવી હતી. જેમાં ગામના સર્વે હરિભક્તો સંતો સાથે જોડાયા હતા. (ચર્તુભુજ સ્વામી, નારાણપુરા મંદિર)

## પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં બામણવા બહેનોના મંદિરમાં ૨૦૦ કલાકની ધૂન-વૃક્ષારોપણ-મંત્રલેખન સભા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના રૂડા આશીર્વાદથી તથા સાં. શાંતાબા, હંસાબા અને રંજનબાની પ્રેરણાથી બામણવા બહેનોના મંદિરમાં આપણા 'પર્વ' મહામહોત્સવના ઉપલક્ષમાં ૨૦૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સર્વે બહેનોએ કરી હતી. (કોઠારીશ્રી)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી તથા નારણપુરા મંદિરના મહંત સ્વામી સ.ગુ. શા. આત્મપ્રકાશદાસજીના માર્ગદર્શનથી આપણા પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં બામણવા ગામે તા. ૨-૮-૨૧ ના રોજ નારણપુરા મંદિરના સંત મંડળ દ્વારા મંત્રલેખન પ્રવૃત્તિ, ગામમાં વૃક્ષારોપણ અને ગ્રામ સભાની પ્રસંશનીય પ્રવૃતિ કરવામાં આવી હતી. તેમાં ગામના સર્વે હરિભક્તો પણ જોડાયા હતા. (ચર્તુભુજ સ્વામી, નારાણપુરા મંદિર)

## પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં ખેરવા બહેનોના મંદિરમાં ૨૦૦ કલાકની ધૂન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તેમજ સાં. શાંતાબા, હંસાબા અને રંજનબાની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ખેરવા (બહેનોના) શ્રી નરનારાયણદેવના પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં સર્વે બહેનોએ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૨૦૦ કલાકની ધૂન કરી હતી. (કોઠારીશ્રી ખેરવા મંદિર)

## શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસામાં હિંડોળા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તેમજ સ.ગુ. મહંત શા. સ્વામી અખિલેશ્વરદાસજી (અયોધ્યા)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસામાં અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ સુધી ઠાકોરજીને અવનવા સુંદર અલૌકિક હિંડોળા બનાવી ઝુલાવવામાં આવ્યા હતા. (કે.બી. પ્રજાપતી મોડાસા મંદિર)

## શ્રી સ્વામિનારાયણ મંદિર ગોમતીપુર અમદાવાદ શ્રી ગણપતિ મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અમદાવાદના ગોમતીપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૭-૮-૨૧ શનિવારના રોજ શ્રી ગણપતિ દેવ અને શિવ પરિવારની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થઈ હતી. છેલ્લે સૌ હરિભક્તોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી નિર્ગુણદાસજી સંત-મંડળ સાથે પધાર્યા હતા. ગોમતીપુર મંદિરમાં પ.ભ. હિરેનભાઈ (કાંકરિયા)એ સુંદર સેવા કરી હતી. (સમસ્ત સત્સંગ ગોમતીપુર મંદિર)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર રણજીતગઢ ગુરુ પૂર્ણિમા ધર્મકુળ પૂજન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ દેશના રણજીતગઢ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે અષાઢ સુદ-૧૫ ગુરુ પૂર્ણિમાના રોજ આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની તસવીરનું પૂજન-અર્ચન સ.ગુ. સ્વા. ભક્તિહરિદાસજી અને સંત-મંડળ અને હરિભક્તોએ સુંદર રીતે કર્યું હતું. સભામાં પૂ. સ્વામીએ ધર્મકુળ-ધર્મવંશીનું માહાત્મ્ય કહ્યું હતું. પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં હળવદ વિસ્તારના ગામડે ગામડે મહામંત્રની નોટબુક (આપણા કાલુપુર મંદિર દ્વારા પ્રકાશિત) સાથે હરિભક્તોને પર્વ મહામહોત્સવના પ્રચાર પસાર રૂપે રૂપરેખા સમજાવીને સૌને આવા મહાઅલૌકિક ઉત્સવમાં સહભાગી થવા પ્રેરણા કરી રહ્યા છે. (અનિલ દુધરેજીયા, ધ્રાંગધ્રા)

## વિદેશ સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો (ઈટાસ્કા) ૨૩ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગોનો ૨૩ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં અત્રે મંદિરના મહંત સ્વામી શા. ભક્તિનંદનદાસજી ગુરુ સ.ગુ. શા. પી.પી. સ્વામી (જેતલપુર)ના વક્તાપદે શ્રીમદ્ સત્સંગિજીવન મહાગ્રંથની નવાન્હ પારાયણનું કથા શ્રવણ હરિભક્તોને કરાવ્યું હતું.

ઠાકોરજીના પૂજારી બ્ર. સ્વા. કૃષ્ણપ્રિયાનંદજીએ ભગવાનને નિત્ય અલૌકિક શ્રૃંગાર કરી સૌને દર્શન કરાવતા હતા. આ પ્રસંગમાં આપણા હંસવીલ મંદિરના બ્ર.સ્વા. પવિત્રાનંદજી પધાર્યા હતા. આખો માસ યજ્ઞનારાયણને મહામંત્ર જાપની આહુતિ આપવામાં આવી હતી. ૨૩ કલાકની અખંડ ધૂન પણ કરવામાં આવી હતી. કથા દરમ્યાન હિંડોળા, પોથીયાત્રા, ફુલદોલ, રાસ, શાકોત્સવ, પ.પૂ. લાલજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ, છપ્પન્ન ભોગ, સંતોની અમૃતવાણી, બ્લડ કેમ્પ આદિ કાર્યક્રમ થયા હતા. કથા દરમ્યાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સિનસિનાટી નૂતન મંદિર માટે પણ અત્રે વક્તાશ્રીએ સેવા કરવાની સૌને જાહેરાત કરી હતી. અત્રેના દરેક નાના મોટા હરિભક્તોએ વિવિધ સેવામાં યજમાન બની સુંદર લાભ લીધો હતો. ઠાકોરજીના પાટોત્સવના દિવસે પૂજારી સંતો દ્વારા ષોડશોપચાર અભિષેક વિધિવત રીતે સંપન્ન થયો હતો. જેના દર્શન કરી હરિભક્તો ખૂબજ ભાવ વિભોર બન્યા હતા.

આપણા પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં શિકાગો મંદિરમાં દર શનિવારે સવારે અને સાંજે વિશેષ ધૂનનું આયોજન થાય છે. અત્રેની કમિટી અને ભાઈઓ અને બહેનોની સેવા પ્રેરણારૂપ હતી. (વસંત ત્રિવેદી - શિકાગો મંદિર)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**અષાઢ સુદ-૧** પ.ભ. દિપકભાઈ શંકરભાઈ (નારદીપુર), પ.ભ. હર્ષદભાઈ બાવરજી ઠાકોર (મનીપુર), પ.ભ. કેયુર વી. દવે (અમદાવાદ), પ.ભ. શ્રીકૃષ્ણકાંત કાંતિલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. પટેલ ડાહ્યાભાઈ મગનદાસ (આંબલીયાણ), અ.નિ. કમળાબેન હિરાભાઈ પટેલ (ડેમાઈ), **અષાઢ સુદ-૨** પ.ભ. રાજેશભાઈ મનુભાઈ પાંભર (અમદાવાદ), પ.ભ. ચૌધરી જીવણભાઈ ધર્માભાઈ (માણેકપુર), ઘનશ્યામ ટીમ્બર માર્ટ (અમદાવાદ), પ.ભ. સવિતાબેન રણછોડભાઈ દેવાણી (બાપુનગર), અ.નિ. શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી (અમદાવાદ), અ.નિ. તેજબાઈ રવજીભાઈ વેકરીયા (નારાયણપર-કચ્છ), **અષાઢ સુદ-૩** પ.ભ. ઘનશ્યામભાઈ મફતલાલ પટેલ (વડુ), પ.ભ. હેતલબેન ઘનશ્યામભાઈ માળી (સંતરામપુર), અ.નિ. રવજી કરશન રાઘવાણી (બળદીયા-કચ્છ), અ.નિ. રામબાઈ શામજી વાઘજીયાણી (બળદીયા-કચ્છ), **અષાઢ સુદ-૪** પ.ભ. ગોવિંદ રામજી વરસાણી (સામત્રા-કચ્છ), પ.ભ. અલ્પેશભાઈ મહેન્દ્રભાઈ પટેલ (સાબરમતી), પ.ભ. ઘનશ્યામભાઈ મફતલાલ પટેલ (વડુ), **અષાઢ સુદ-૫** પ.ભ. વિષ્ણુભાઈ તથા બિપીનભાઈ (ગાંધીનગર), પ.ભ. રિશન અંકિત પટેલ (કણભા), પ.ભ. શશીકાંત દેવશીભાઈ પટેલ (સુરત), પ.ભ. ધવલભાઈ ઠક્કર (અમદાવાદ), અ.નિ. પુરીબેન નાનજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. લક્ષ્મીબેન વેલજીભાઈ મોરડીયા (સુરત), **અષાઢ સુદ-૬/૭** અ.નિ. જડીબેન બાબુભાઈ (દેઉસણા), **અષાઢ સુદ-૮** પ.ભ. પટેલ પ્રવિણભાઈ માધવલાલ (રિદ્રોલ), પ.ભ. રિધ્ધિ આશિષ ભાવસાર (અમદાવાદ), પ.ભ. મનસુખભાઈ ભીમજીભાઈ ડોબરીયા (અમદાવાદ), પ.ભ. મનહરબા રવુભા રાણા (અમદાવાદ), સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી ગુરુ શા. સ્વા. સૂર્યપ્રકાશદાસજી (મૂળી), પ.ભ. પ્રેમજીભાઈ વાલજીભાઈ ગોરસીયા (સુખપર-કચ્છ), પ.ભ. વાલબાઈ નાનજીભાઈ ભંડેરી (માનકુવા-કચ્છ), પ.ભ. હરજીભાઈ ભાનુચંદ્ર જાની (ભાવનગર), **અષાઢ સુદ-૯** પ.ભ. રાકેશકુમાર લક્ષ્મણદાસ પટેલ (અમદાવાદ), પ.ભ. પરબતભાઈ લાલજીભાઈ પિંડોરીયા (કુંદનપુર-કચ્છ), ગં.સ્વ. ચંપાબેન કાનજીભાઈ જાકાસણીયા (મેથાણ), પ.ભ. વસંતબેન પટેલ (અમદાવાદ), પ.ભ. મહેન્દ્રભાઈ અંબાલાલ પટેલ (કુંડાળ), પ.ભ. પટેલ દિનેશકુમાર મણીલાલ (નંદાસણ), અ.નિ. શ્રીદેવુ ભગત જયસિયારામ (રાણાકંડોરણા), પ.ભ. પટેલ હસમુખભાઈ કચરાભાઈ (અમદાવાદ), **અષાઢ સુદ-૧૦** પ.ભ. અગસ્ત્ય સંદિપભાઈ પટેલ (અમદાવાદ), અ.નિ. હરિશ મનજી સુરજાણી (રામપર-વેકરા-કચ્છ), પ.ભ. કિરણ હરિશ ખેતાણી (કેરા-કચ્છ), **અષાઢ સુદ-૧૧ (એકાદશી)** સ્વામી પ્રેમવલ્લભદાસજી તથા સ્વામી બ્રહ્મવિહારીદાસજી (મૂળી), અ.નિ. પ્રવિણભાઈ રામજીભાઈ હિરાણી (મીરજાપર-કચ્છ), પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (સરસપુર), **અષાઢ સુદ-૧૨** પ.ભ. મહેશભાઈ કાશીભાઈ પટેલ (લસુન્દ્રા), પ.ભ. પટેલ કાંતિભાઈ શંકરભાઈ (અમદાવાદ), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. ધર્મ બિન્દેશ પટેલ તથા ક્રિયાન બિન્દેશ પટેલ (ગાંધીનગર), પ.ભ. ડૉ. રવિકાંત મસ્કી (અમદાવાદ), અ.નિ. લક્ષ્મણભાઈ દેવજીભાઈ ખેતાણી (સુખપર-કચ્છ), પ.ભ. જસુમતીબેન જોબનપુત્રા (ભચાઉ-કચ્છ), પ.ભ. નીતિબેન પરાગભાઈ શાહ (અમદાવાદ), પ.ભ. વાઘેલા જીતેન્દ્રસિંહ ગંભીરસિંહ (ગોધાવી), **અષાઢ સુદ-૧૩** પ.ભ. મુકેશભાઈ મધુભાઈ માલવીયા (નાનામાચીયાળા), અ.નિ. પાર્ષદ રમેશ ભગત (બાલાસિનોર), પ.ભ. રીનાબેન જયંતીભાઈ પટેલ (વાસણા), **અષાઢ સુદ-૧૪** પ.ભ. શારદાબેન સરોજબેન (ઝુંડાલ), પ.ભ. ભરતભાઈ કાનભાઈ જાદવ (અમદાવાદ), અ.નિ. વિરાટબા ગંભીરસિંહ જાડેજા (અમદાવાદ), **અષાઢ સુદ-૧૫** પ.ભ. ગુણવંતીબેન મહેન્દ્રભાઈ (પંડોળી), પ.ભ. હિરજીભાઈ રાબડીયા (લંડન), પ.ભ. વિમળાબેન ડાહ્યાભાઈ પટેલ (માણસા), અ.નિ. અંબાલાલ શિવાભાઈ પટેલ (કોટા-રાજસ્થાન).

**અષાઢ વદ-૧/૨** પ.ભ. વત્સલ ગીરીશચંદ્ર એસ. (અમદાવાદ), પ.ભ. શ્લોક વાસુદેવભાઈ પટેલ (મોખાસણ), અ.નિ. બબાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (અમદાવાદ), પૂ. સદ્. શા. સ્વામી નિત્યસ્વરૂપદાસજી (સરધાર), **અષાઢ વદ-૩** અ.નિ. રામજી કરશન જીવાણી (બળદીયા-કચ્છ), પ.ભ. પુષ્પાબેન દશરથભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. પ્રિયમ મિતુલભાઈ જયેશભાઈ (કંજરીકંપા), **અષાઢ વદ-૪** અ.નિ. સ.ગુ. સ્વામી માધવચરણદાસજી (ગઢપુર), અ.નિ. સ.ગુ. સ્વામી જગદીશપ્રસાદદાસજી (ડભાણ), પ.ભ. જગદીશભાઈ અંબાલાલ પટેલ (મોટેરા), પ.ભ. પટેલ કનુભાઈ હરિભાઈ (અમદાવાદ), **અષાઢ વદ-૫** અ.નિ. મોહનભાઈ ડુંગરભાઈ પટેલ (દેવપુરા), પ.ભ. રસિકલાલ ધરમદાસ પટેલ (દાવોલ), **અષાઢ વદ-૭** પ.ભ. રવજીભાઈ મનજીભાઈ લીંબાણી (નાગલપુર-કચ્છ), **અષાઢ વદ-૮** પ.ભ. પટેલ કમળાબેન અંબાલાલ (ઝુલાસણ), પ.ભ. કોકીલાબેન ભરતભાઈ મુલાણી (જીવરાજપાર્ક), પ.ભ. વધાસીયા પ્રાગજીભાઈ મોહનભાઈ (અમદાવાદ), પ.ભ. કેતનભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (લારીડેરી), પ.ભ. ડૉ. રમેશભાઈ લાલજીભાઈ વેકરીયા (નિકોલ), અ.નિ. પ્રાગજીભાઈ ધરમશીભાઈ ચૌહાણ (જામસર), **અષાઢ વદ-૯** પ.ભ. વાડીભાઈ મનજીભાઈ પટેલ (અમદાવાદ), **અષાઢ વદ-૧૦** પ.ભ. શારદાબેન રામભાઈ પટેલ (વાસણા મહિસા), **અષાઢ વદ-૧૧ (એકાદશી)** પ.ભ. ઉજાસ મહેન્દ્રભાઈ પટેલ (મુંબઈ), અ.નિ. ચંદ્રિકાબેન ભીખાભાઈ ભાવસાર (સરસપુર), **અષાઢ વદ-૧૨** અ.નિ. સાંખ્યયોગી ધોળીબા (મોરબી), પ.ભ. કાંતાબેન છગનભાઈ ઉકાણી (ગાંધીનગર), પ.ભ. ગીરીશભાઈ પરસોતમભાઈ પટેલ (ઈસણાવ), અ.નિ. બાબુભાઈ મીઠાભાઈ સુદાણી (બાપુનગર), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. ધર્મ બી. પટેલ (અમદાવાદ), પ.ભ. ક્રિયાન બી. પટેલ (અમદાવાદ), અ.નિ. અમરબેન મેઘજી હિરાણી (માંડવી-કચ્છ), અ.નિ. રતનબેન લાલજી વેકરીયા (માંડવી-કચ્છ), **અષાઢ વદ-૧૩** અ.નિ. સાંખ્યયોગીબાશ્રી મધુબા (ગઢપુર), પ.ભ. કાંતિભાઈ બાબુભાઈ પટેલ (વાવોલ), પ.ભ. બાળવીયા પ્રાણજીવનભાઈ ચકુભાઈ (મોરબી), અ.નિ. પ્રેમબાઈ ખીમજી હાલાઈ (માંડવી-કચ્છ), **અષાઢ વદ-૧૪** પ.ભ. અરવિંદભાઈ દ્વારકાદાસ પટેલ (દેલવાડા), પ.ભ. જયેશ કણજરીયા (ઘનશ્યામનગર-હળવદ), **અષાઢ વદ-૩૦** પ.ભ. મગનભાઈ કેશવજીભાઈ ચૌહાણ (અમદાવાદ), પ.ભ. જોશી વિલાસબેન મહાદેવપ્રસાદ (ન્યુ રાણીપ), પ.ભ. આકાંક્ષા દિનેશભાઈ પટેલ (વસ્ત્રાલ), પ.ભ. ધનસુખભાઈ ગફુરભાઈ પટેલ (ખંભાત), પ.ભ. કાંતિલાલ અંબાલાલ પટેલ, સ.ગુ. કે.પી. સ્વામી (મહંતશ્રી જેતલપુર મંદિર), પ.ભ. તીર્થ હાર્દિક પટેલ (વડોદરા).

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.



મૂળી મંદિરમાં જન્માષ્ટમી સમૈયો



જેતલપુર મંદિરમાં પર્વના ઉપલક્ષમાં અખંડ ધૂન નિમિત્તે
સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

# પર્વ

૨૭ ફેબ્રુઆરી થી
૫ માર્ચ ૨૦૨૨



શિકાગો (અમેરિકા) મંદિરના પાટોત્સવ પ્રસંગે અભિષેક તથા બ્લડ ડોનેશન કેમ્પ



આપણા કરાંચી (પાકિસ્તાન) મંદિરમાં જન્માષ્ટમીની ઉજવણી

Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023

# શ્રી નરનારાયણદેવ દેશના સમસ્ત મંદિરો દ્વારા પ્રકાશન કરતાં પહેલા પરમીશન અંગે

સર્વેને વિદિત થાય કે હવેથી અમદાવાદ દેશની રીત મુજબ ટ્રસ્ટ બોર્ડ તથા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની લેખિત પરવાનગી વગર શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના પ્રચાર અને પ્રસાર કરવા માટે સોશિયલ મિડિયા, ઈલેક્ટ્રીક મિડિયા, પ્રિન્ટ મિડિયા વગેરે કોઈપણ મિડિયાનો ઉપયોગ કરવો નહીં.

આ ઉપરાંત ઘણાં મંદિરો તથા મંડળ કે સત્સંગીઓ પોતાના મંદિરના કે સંસ્થાના દિવાળીમાં કેલેન્ડર પ્રકાશિત કરતા હોય છે. તો હવેથી માત્ર કાલુપુર મંદિર દ્વારા જ પ્રકાશિત કેલેન્ડરો દરેક મંદિરે ઉપયોગ કરવાનો રહેશે.

તદુપરાંત શ્રી નરનારાયણ દેવ દેશના ઘણા શિખરબધ્ધ અને હરિ મંદિરો દ્વારા પોતાના મનમાં સૂઝે તેમ લખાણ અને ફોટાઓ અને ડિઝાઈન સત્સંગ સમક્ષ મૂકે છે. જેમાં પોસ્ટર, બેનર, પત્રિકા, પુસ્તક, પેમ્ફલેટ વગેરે સાહિત્ય હવેથી ખાસ તાકીદ કરવામાં આવે છે કે આવું કોઈ પણ સાહિત્ય મંજૂરી વગર પ્રકાશિત કરવું નહીં તેની ગંભીરપણે નોંધ લેવી.

- હુકમથી

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશના હરિભક્તોના આગ્રહ અને સવલત માટે
ઓનલાઈન ડોનેશન કાલુપુર મંદિરની ઓફિશીયલ વેબસાઈટ પર નીચે આપેલ લીંક દ્વારા કરી શકાશે.
htpp://www.swaminarayan.in/donation

Praful Kharsani